# સહજ-સત્સંગ

અંક : ૨૭૦ વર્ષ : ૨૨ તંત્રી : માનસિંહભાઈ ચાવડા જૂન - ૨૦૧૧



કાત્યાયની



## મા મીરાંબિકા

Strength in the nature, Wisdom in the mind,
Love in the heart complete the trinity of glorious manhood.

- The Mother

### દિવ્ય - ત્રિપુટી

ભાવાનુવાદ

પ્રકૃતિની સબળતા, ને મનમાં વસે વિજ્ઞાન,
હૃદયે પ્રેમ-ઝરણું વહે, એ ત્રિપુટી દિવ્ય મહાન.
પ્રગટાવે મહત્તમ માનવતા, ને અધ્યાત્મ માર્ગે પ્રયાણ,
એટલું તો કરવું રહ્યું, તો જ સાર્થક જીવન નામ.

**- શ્રી માતાજી**

# પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

(૩૦ જૂન ૧૯૧૪)



મનુષ્યમાં જે વસ્તુ ખાસ કરીને ખૂટે છે તે છે સુસ્પષ્ટતા અને સુવ્યવસ્થા; દરેક તત્ત્વ, સ્વરૂપની દરેક અવસ્થા, પોતાનું કાર્ય કરવાને બદલે પોતે જ સર્વેસર્વા થઈ રહેવા માગે છે, પૂર્ણપણે સ્વસંચાલિત અને સ્વતંત્ર... એ ભૂલ તો, વિશેષ કરીને આખા વિશ્વમાં વ્યાપક-અજ્ઞાનને કારણે છે..... પરંતુ આ પ્રવૃત્તિઓ અલગ- અલગ અને અવ્યવસ્થિત છે એમ ગણી પ્રયત્ન કરવો, તારો એકલાનો જ સંકલ્પ વિદ્યમાન રહે એટલા માટે એ સર્વને દબાવી દેવી.... એ તો એક તદ્દન વાહિયાત અને અશક્ય દુઃસાહસ ગણાય. એ તો નિશ્ચિત છે કે કોઈ વસ્તુને સુવ્યવસ્થિત કરવા કરતાં એને દબાવી દેવી એ સહેલું છે; પરંતુ એક સંવાદપૂર્ણ સુવ્યવસ્થાની સિદ્ધિ... સ્વરૂપની ઉચ્ચત્તમ પૂર્ણતા સિદ્ધ કરવાથી જ શક્ય બની શકે તેમ છે.

હે મારા મધુર સ્વામી..... તેઓ તારા વિધાનની પરમ વ્યવસ્થાને જુએ અને સિદ્ધ કરે.

# અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ |
|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** (પ્રભુની પરમ અવસ્થા) | ૧ |
| **પ્રભુકૃપા** | ૪ |
| **આગામી-ભાવિ** (દિવ્ય-પ્રેમની ઝાંખી) | ૭ |
| **માતૃવાણી** (ચમત્કારોઃ માનવી-અજ્ઞાનની નિશાની) | ૮ |
| **માનવવિકાસ ચક્ર** (ધર્મ : જીવનનો કાનૂન) | ૧૦ |
| **સાવિત્રી** (જગત પ્રભુનો દેહ) | ૧૩ |
| **ઉપનિષદોનું અમૃત** (પૂર્ણયોગનું બીજ) | ૧૭ |
| **યોગ વિષે પત્રો** (અવચેતનની કાર્યપદ્ધતિ) | ૨૦ |
| **વેદનું રહસ્ય** (સમસ્યા અને તેનો ઉકેલ) | ૨૪ |
| **ઉત્ક્રાંતિનો હેતુ** (વિસંવાદિતાનો સામનો અટળ) | ૨૯ |
| **સુંદર કથાઓ** (દિવ્યયોદ્ધા બનો) | ૩૦ |
| **યોગ પર દીપ્તિઓ** (પ્રભુનો પગરવઃ દૈવી સંપત્તિ) | ૩૧ |
| **વેદવિજ્ઞાન** (શ્રદ્ધાહીન સાધનાની ગતિ) | ૩૨ |
| **વિદ્યાર્થીઓને માર્ગદર્શન** (એકાગ્રતાનું મહત્ત્વ) | ૩૪ |
| **સાંજના વાર્તાલાપો** (ગુરુને સમર્પિત થવું) | ૩૫ |
| **શ્રી અરવિન્દ : પોતા વિષે** (સાક્ષાત્કારનો અર્થ) | ૩૭ |
| **ભાવિ - સમાજ** (ભાવિ-સમાજનું ધ્યેય) | ૩૯ |
| **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** (સત્યદર્શનની પદ્ધતિ) | ૪૧ |
| **સર્વાંગી આરોગ્ય** (ચેતનાના દિશાબદલ દ્વારા રોગનિવારણ) | ૪૩ |
| **પ્રેમ** | ૪૬ |
| **કવરપેજ ૧ ઉપરની સમજૂતી** | **કવરપેજ ૪ ઉપર** |



**મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું**
**શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક**

**સહજ-સત્સંગ**
અંક : ૨૭૦ વર્ષ : ૨૨
જૂન - ૨૦૧૧

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧
**મો. ૯૮૨૪૩૭૩૯૨૯**

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

**મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટને આપેલ અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ રાહતને પાત્ર છે.**
**રિઝર્વ બેંકની સૂચના મુજબ હવે એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.**
**(કૃપયા મનીઑર્ડરથી અર્પણ મોકલશો નહિ) ચેક, ડ્રાફ્ટ, પોસ્ટલ ઑર્ડરથી**
**'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ-રાજકોટ'**ના નામે મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.



**(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)**



ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ **લા ક્રિએટા** - રાજકોટ - ૦૨૮૧ - ૨૪૬૫૦૭૮

# પ્રભુની પરમ વ્યવસ્થા

(પૃ.૧૪૨-૧૪૩)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

મનુષ્ય દુઃખી છે, અધૂરો છે તેનું કારણ એ છે કે તેને પોતાના સ્વરૂપ બાબતનું સ્પષ્ટ જ્ઞાન નથી અને તેણે તે સ્પષ્ટ જ્ઞાન મુજબ પોતાના સ્વરૂપની ગોઠવણ કે સુવ્યવસ્થા કરેલ નથી.

માનવી - સ્વરૂપમાં વિવિધ તત્ત્વો છે. વળી તેમની વિવિધ અવસ્થાઓ પણ છે. આ બધાં જ તત્ત્વો અને તેની અવસ્થા અન્ય તત્ત્વો અને તેની અવસ્થાઓ સાથે સુમેળમાં બંધબેસતાં થવાં જોઈએ. ખરેખર તો કોઈ તત્ત્વ સ્વતંત્ર કે સર્વે - સર્વા નથી. પણ દરેક તત્ત્વ તેવું પોતાના માટે માને છે અને તેવું વર્તે પણ છે.

આ ઘટના સમગ્ર વિશ્વમાં, વ્યક્તિમાત્રમાં થવાનું કારણ છે વિશ્વવ્યાપી અજ્ઞાન. આ અજ્ઞાન જ દરેક તત્ત્વને સ્વતંત્ર રીતે વર્તવાની, જુદાઈ રાખવાની વૃત્તિ રચે છે.

તેમની આવી વૃત્તિને કારણે આપણે એમ સમજવાનું નથી કે બધાં જ તત્ત્વો એક જ તત્ત્વ જ છે, અને તેથી તેમને એકરૂપ, એકરસ કરી નાખવાનાં છે. આ તો મોટી ભૂલ કહેવાશે અથવા પ્રભુનાં સંકલ્પને સર્વોપરી કરવા અન્ય તત્ત્વોનો નાશ કરી નાખવો એ પણ ખોટી વાત છે. તેના બે કારણો છે :

૧) બધાં તત્ત્વોનો નાશ કરવો શક્ય નથી.

૨) અને તેમના વગર પ્રભુના સંકલ્પને સિદ્ધ કરવો પણ શક્ય નથી.

કોઈ તત્ત્વને દબાવી દેવું સહેલું છે પણ તેને અન્ય તત્ત્વો સાથે સુસંવાદમાં ગોઠવવું ખૂબ જ મુશ્કેલ છે.

પણ પ્રભુનું આયોજન એવું છે કે આ વિવિધ તત્ત્વો બધાં પ્રભુના સંકલ્પને આધિન રહીને એકબીજા સાથે સંવાદમાં રહેતા રહેતા પોતાનો વિકાસ કરે. આ જ પ્રભુનું પરમ-વિધાન છે અને જ્યારે આ રીતે બધાં જ તત્ત્વો સુસંવાદમાં ગોઠવાઈને પ્રભુના સંકલ્પને જ પ્રગટ કરવા અને વાસ્તવિક બનાવવા પ્રયત્ન કરે છે ત્યારે જ ખરેખર તો સ્વરૂપની પૂર્ણ સુવ્યવસ્થા સિદ્ધ થાય છે.

લોકો પ્રભુના આ પરમ-વિધાનને સમજે અને તે રીતે સાધના કરે એવું પ્રભુ વરદાન આપે એવી માતાજીની પ્રાર્થના છે.

# પ્રભુકૃપા

- જ્યોતિબેન થાનકી

પૂર્ણયોગ એ જીવનમાં પ્રભુને સક્રિય કરીને દિવ્યજીવન જીવવાનો હોઈને તેમાં જીવનનું આમૂલ રૂપાંતર કરવાનું રહે છે. માત્ર મનુષ્યના પ્રયત્નથી આ રૂપાંતર થઈ શકતું નથી. આમાં તો પ્રકૃતિના સઘળાં કરણો - મન, પ્રાણ અને શરીરને પ્રભુની ચેતનાથી સક્રિય કરવાનાં છે. મનુષ્યના આત્માની અભીપ્સાની સાથે સાથે કરુણામય ભગવાનની કૃપા પણ જોઈએ. પ્રભુની કૃપાથી જ આ કપરી સાધના શક્ય અને સિદ્ધ બને છે. પૂર્ણયોગમાં પ્રભુકૃપા મેળવવા માટે મનુષ્યે ઉત્કટ પ્રાર્થના કરવી જોઈએ.

**પ્રભુકૃપા માટે પોકાર કરવો જોઈએ :**

સાધનામાં મનુષ્ય ઘણીવાર એવું અનુભવે છે કે જાણે અંધકારથી તે ઘેરાઈ ગયો છે. રસ્તો લાંબો અને વિકટ લાગે છે. તેના આત્માનો સંપર્ક જાણે છૂટી ગયો છે અને પ્રભુ તો જાણે ક્યાંક અદૃશ્ય થઈ ગયા છે. આવા સમયે હતાશ થયા વગર મનુષ્યે હ્દયમાંથી તીવ્રભાવે પોકાર કરવો જોઈએ. એ તીવ્ર પોકારે પરમાત્માની કૃપા તેના મનને આશ્ચર્ય લાગે તેવી અદ્‌ભુત રીતે તેને એ પરિસ્થિતિમાંથી બહાર કાઢી લે છે. આ સંદર્ભમાં શ્રીમાતાજી કહે છે કે 'પ્રભુકૃપા જ આપણને સર્વ મુશ્કેલીઓમાંથી ઉગારી શકે છે. તે જ આપણને અંધકારભર્યા માર્ગમાંથી સહીસલામત રીતે ભગવાન પાસે દોરી જાય છે. જ્યારે બધું જ ગુમાવી દો ત્યારે તમારા પ્રભુકૃપામાં વિશ્વાસ રાખવો જોઈએ.' મનુષ્યના હ્દયમાંથી ઊઠતો સીધો પોકાર પરમાત્માની કૃપાને તેની અંદર ઉતારી લે છે તથા તેના આંતરવિશ્વાસ માટે જે કંઈ જરૂરી હોય તે ગોઠવી આપે છે. પરંતુ તે માટે સંપૂર્ણ શ્રદ્ધા હોવી જોઈએ.

**પ્રભુકૃપા માટે જરૂર છે શ્રદ્ધાની :**

પ્રભુકૃપામાં શ્રદ્ધા રાખીને જો કંઈ પણ કાર્ય કરવામાં આવે તો માનવમનને આશ્ચર્ય ઉપજાવે તેવાં પરિણામો સર્જાય છે. શ્રી માતાજી કહે છે કે જેઓ દિવ્યકૃપા અને સહાય માટે અભીપ્સા કરે છે, તેમના માટે તે હંમેશા હાજર છે અને જ્યારે તેને શ્રદ્ધા અને વિશ્વાસથી ગ્રહણ કરવામાં આવે છે, ત્યારે એની શક્તિ અમર્યાદ હોય પરંતુ મનુષ્યના મનમાં ઘણીવાર શંકા ઊભી થતી હોય છે કે શું પ્રભુકૃપા ખરેખર કામ કરે છે

ખરી ? એમાં ય જ્યારે સંજોગો વિકટ બને, પરિણામ ધાર્યું હોય તેના કરતાં ઊલટું આવે ત્યારે તો માણસ એવું જ માનવા લાગે છે કે પ્રભુકૃપાથી તે વંચિત બની ગયો છે. વળી તે એવું પણ માનવા લાગે છે કે તે પ્રભુકૃપાને લાયક નથી. પરંતુ આ બધા વિચારો વિરોધી - શક્તિઓ તરફથી આવેલા હોય છે. શ્રીમાતાજી કહે છે કે ''તમારામાં જે પ્રતિકાર કરે છે, જે વિરોધ કરે છે, તેની ગણતરી કર્યા વગર વિશ્વાસપૂર્વક તમારી જાતનું એ કૃપાને સમર્પણ કરી દો. તેમાં સોદો કરવાની ભાવના ન રાખશો, વિશ્વાસ રાખો. એવો વિશ્વાસ કે જે ભગવાનને એમ કહે છે કે ભગવાન તમે મારા માટે આ કે પેલું, જે તમને ઠીક લાગે તે કરો. હું બધું જ તમારા પર છોડું છું. ''આવા સમર્પણ ભાવ સાથે શ્રદ્ધા હોય તો ભગવાનની કૃપા આપણા માટે જે ઉત્તમ અને શ્રેષ્ઠ હોય તે જ કરે છે.''

**પ્રભુકૃપા માટે જરૂર છે સમર્પણની :**

મનુષ્ય પ્રભુકૃપા માટે અભીપ્સા સેવે છે, પ્રાર્થના કરે છે, પણ સાથે સાથે માંગણી પણ કરે છે. પ્રભુકૃપા મનુષ્યોની પસંદગી પ્રમાણે કંઈ કાર્ય કરતી નથી. એ માનવમૂલ્યોની બિલકુલ દરકાર કરતી નથી. પણ મનુષ્ય માટે જે ઉત્તમ હોય તે પ્રમાણે જ કરે છે, પછી તે બાહ્ય રીતે જોતાં કદાચ પ્રભુએ મારેલા ફટકારૂપે પણ જણાય. પરંતુ એ ફટકો સાક્ષાત્કારના માર્ગ પર ઝડપથી લઈ જનાર બનતો હોય છે, પણ માનવમનને એ સમજાતું નથી; કેમ કે મનુષ્યને એ કૃપાનો બિલકુલ અનુભવ નથી. શ્રી માતાજી કહે છે કે, ''જો તમને એક ક્ષણ માટે પણ ભગવાનની કૃપાનો સંપર્ક થયો હશે, કે જે અદ્‌ભુત છે, જે તમને માર્ગ કાપવા વેગ આપે છે, તમારું વહન કરે છે, તમારે ઉતાવળ કરવાની છે, એ વાત ભૂલાવી દે છે, એ કૃપાને તમે પ્રયત્ન કરશો તો પણ ભૂલી શકશો નહીં. બાળકની પેઠે, બાળકના જેવી નિર્દોષતા સાથે, બાળકને જેમ કોઈ ગૂંચવાડા હોતા નથી તેમ ગૂંચવાડા વગર, તમે તમારું સમર્પણ એ કૃપાને કરી દો અને બધું જ કાર્ય તેને કરવા દો.'' નાનાં બાળકને જેમ પૂર્ણ વિશ્વાસ હોય છે કે તેની મા તેના માટે બધું જ કરશે તેવા પૂર્ણવિશ્વાસ સાથે પ્રભુકૃપાને સમર્પણ કરી દેવામાં આવે તો પ્રભુકૃપા ખૂબ ઝડપથી પ્રભુના સાક્ષાત્કાર સુધી લઈ જાય છે.

**પ્રભુકૃપાનો આધાર બાહ્યસ્થિતિ પર નથી :**

પ્રભુકૃપા બાહ્ય પરિસ્થિતિ પર આધારિત નથી. તે મેળવવા વ્યક્તિમાં શાસ્ત્રોનું જ્ઞાન હોવું પણ જરૂરી નથી. કૃપાનો આધાર તો ચેતનાની આંતરિક સ્થિતિ પર રહેલો છે. સમાજની દૃષ્ટિએ અશિક્ષિત, અસંસ્કારી ગણાય એવો મનુષ્ય પણ પ્રભુકૃપાથી

આવૃત્ત હોય છે. આ સંદર્ભમાં શ્રી માતાજી કહે છે કે, ''..... માણસમાં ભલે બિલકુલ જ્ઞાન ન હોય, પણ જો તેનામાં ભગવાનની કૃપામાં વિશ્વાસ હોય, જો તેને શ્રદ્ધા હોય કે પ્રાર્થના અને અભીપ્સાનો પ્રત્યુત્તર આપી શકે તેવી વસ્તુ છે, જો તે તેમાં વિશ્વાસ રાખે, તેને દરમિયાનગીરી કરવા વિનંતી કરે, તો તમે સફળ થવાની ઉજ્જવળ તક રહેલી છે. પ્રયત્ન કરો તો તમે તો તેનો ચોક્કસ પરિણામ જોઈ શકશો.''

પ્રભુકૃપાની આગળ કોણ લાયક અને કોણ લાયકાત વગરનો ? બધાં એક જ દિવ્યમાતાનાં બાળકો છે. તેનો પ્રેમ બધા ઉપર એક સરખા પ્રમાણમાં જ રહેલો છે. પરંતુ દરેક વ્યક્તિ પોતાની ગ્રહણશક્તિ અને પ્રકૃતિ અનુસાર તે મેળવી શકે છે.

**પ્રભુકૃપા મનથી સમજી શકાતી નથી :**

પ્રભુકૃપાને આપણે મનથી કદી સમજી શકીએ નહીં, પણ તેનો અનુભવ પણ માણસના જીવનને બદલી નાંખે છે. તે મહાન ચમત્કારોની સર્જક છે. તેના માટે કશું પણ અવરોધ્ય કે અશક્ય નથી. કશું મુશ્કેલ કે કઠિન પણ નથી. તે શક્તિદાયિની અને મહાન પરિવર્તનકારી છે. જ્યારે તે માનવના હ્દયમાં ઊતરી આવે છે, ત્યારે માનવની ચેતનાને જાણે અનંતમાં ઉડ્ડયન કરવાની પાંખો ફૂટી હોય તેવી અસીમ શક્તિ અને વિશાળતાનો અનુભવ થાય છે. શ્રી માતાજી કહે છે કે, ''આ કૃપા દરેક વસ્તુના મૂળમાં રહેલી છે. તે વસ્તુને સંગઠિત કરે છે, દોરે છે, જેથી ભગવાનનો સાક્ષાત્કાર બને તેટલો ઝડપી, પરિપૂર્ણ અને સંવાદમય બને. ખાસ કરીને જગતનાં સંજોગોને લક્ષમાં લેતાં એ તમે કદી નહીં સમજી શકો.'' કૃપાને ઓળખવા માટે સમર્પિતભાવ, શાંત મન અને અતૂટ શ્રદ્ધા જરૂરી છે. તો હ્દય દ્વારા એ કૃપાની અનુભૂતિ જરૂર કરી શકાય છે. (વધુ આવતા અંકે)

---

(પૃ.૨૯ ઉપરથી)

## ઉત્ક્રાંતિનો હેતુ

માનવ એ ક્રાંતિનું અંતિમ ફળ નથી. માનવ હજી શારીરિક રીતે પશુ જ છે. આવું અધૂરું ફળ ઉત્ક્રાંતિનું હોઈ ન શકે. તેથી માનવમાંથી અતિમાનવ નિર્માણ થશે એ નિશ્ચિત છે અને પશુ અને માનવ વચ્ચે જે તફાવત છે તેથી પણ વધારે તફાવત માનવ અને અતિમાનવ વચ્ચે હશે. બન્ને વચ્ચેની સામ્યતા ફક્ત શરીરના આકાર પૂરતી રહેશે એવું લાગે છે. અતિમાનવની ચેતના અજ્ઞાનથી તદ્દન મુક્ત હશે, તેથી જ તેને 'અતિમનસ' ચેતના કહે છે. મન અજ્ઞાનની સીમા જ ફરતું હોય છે, જ્યારે અતિમનસ વિજ્ઞાનમય ચેતનામાં રહે છે.

## આગામી - ભાવિ

(શ્રી અરવિંદ સોસાયટીના ઈ-મેગેઝીન મેનાં ૨૦૧૧ના Next Futureનો સાર - સાભાર)

# દિવ્ય-પ્રેમની ઝાંખી

સમજૂતિ : કમલેશ માંડવિયા

આશાઓના અંચળાઓ પાછળ છુપાઈને આપણે પ્રેમ કરતા હોઈએ છીએ. માંગણીઓ ગડમથલ અને ગૂંચવણ જ પ્રેમનો ભાગ બની જાય છે. આપણે ઈચ્છીએ કે બાકી બધાંએ આવી હીન વૃત્તિઓમાંથી બહાર આવવું જોઈએ. કાળના પ્રવાહમાં સોઈ આપણને ભોંકાય છે અને.....

અમુક ક્ષણોએ આપણો પ્રેમ સામાન્ય પ્રકૃતિની છાયાઓને વટાવીને કોઈક શિખર સર કરે છે. આપણે નિઃસ્વાર્થ બનીને કોઈ સંજોગ કે વ્યક્તિ તરફ પ્રેમથી કાર્ય કરતાં હોઈએ છીએ. આમાં જ આપણી ઉત્ક્રાંતિ અને વિકાસ જોતાં હોઈએ છીએ.

પ્રેમ સાવ પાંગળો, તરલ અને હીનવૃત્તિઓથી ભરપૂર છે તેવા ખ્યાલોથી આપણે દૂર રહેવું જોઈએ. જ્યારે પ્રેમ નિઃસ્વાર્થ બનીને પોતાનું કાર્ય આપણા દ્વારા પાર પાડે છે, ત્યારે આપણે જાણી શકીએ છીએ કે જગત આખું ભલે વિનાશ થાય પરંતુ આ પ્રેમ ટકી રહે તો જ જગતની દિવ્ય પ્રગતિ અને ઉત્ક્રાંતિ થઈ શકે છે અને તેમ છતાં જગત પતન પામે તો તે જ માટે સર્જાયેલું હશે !

પાંગળો, તરલ અને હીનવૃત્તિઓ સભર પ્રેમ જ દર્શાવે છે કે 'પ્રેમ' તેના પરમોચ્ચ શિખરોમાં દિવ્યતાથી ભરપૂર છે.

# માતૃવાણી

- શ્રી માતાજી

## અવતરણો

(માતૃવાણી - ૪, પૃ.૯૨-૯૬)

## 'ચમત્કાર' માનવી - અજ્ઞાનની નિશાની છે

પ્રકરણ - ૮

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ મહત્ત્વાકાંક્ષા એ ઘણા ઘણા યોગીઓનું પતનનું કારણ થએલ છે. પૃ.૯૨

૨ સામાન્ય માણસોને..... દિવ્ય-શક્તિઓ સાથે..... સંબંધ હોતો નથી..... તેથી આવી બાબતમાં ભૌતિક પુરાવા માગે છે. પૃ.૯૨

૩ ચમત્કારો કરવા માટે કોઈ પ્રકારની દિવ્ય ચેતનાની કે શક્તિની જરૂર હોતી નથી. પૃ.૯૩

૪ એક ભૌતિક તત્ત્વનું જગત છે એમાંથી જ સર્વ કાંઈ ઉત્પન્ન થાય છે અને એમાં જ છેવટે લય પામે છે..... નાસ્તિક લોકો આમ માને છે..... એક એવી વસ્તુ છે કે જેને 'ઈશ્વર' નામ આપી શકાય. આ ભૌતિક જગતનું સર્જન ઈશ્વરે કરેલ છે. પૃ.૯૪

૫ આ સૃષ્ટિનું સર્જન..... તે એક ચેતનાનો આવિષ્કાર છે અને..... દરેક વસ્તુ તેની અગાઉ થઈ ગએલી વસ્તુના સુસંકલિત પરિણામરૂપે બની આવી હોય છે. પૃ.૯૪

૬ (ચેતનાના) અસંખ્ય પ્રદેશોને તેમની પોતાની ખૂબ સુસંકલિત નિયતિ હોય છે..... સર્વે જગતો એકબીજાથી અલગ નથી.... આંતર અને ઊર્ધ્વ જગતોની નિયતિ.... નિમ્ન અને બાહ્ય જગતોની નિયતિને બદલી નાખે છે. પૃ.૯૪

૭ લોકો એને 'ચમત્કાર' કહે છે કારણ કે તેઓ તદ્દન અજ્ઞાની હોય છે. પૃ.૯૫

૮ હું શ્રી અરવિન્દ સાથે વાતચીત કરતી ત્યારે અમારે કદી પણ વચગાળાના વિચારોમાં થઈને પસાર થવાની જરૂર પડતી નહિ. પૃ.૯૬

૯ શ્રી અરવિન્દ મનોમય ઘટનાઓને તેમની સમગ્રતામાં જોવાની દૃષ્ટિ ધરાવતા હતા. પૃ.૯૬

મહાત્માઓમાં થોડી પણ મહત્ત્વાકાંક્ષા હોય તો તે પતનનો માર્ગ લઈ જ લે છે. એક યોગીની વાત છે. તેની પાસે અનેક સિદ્ધિઓ હતી. શિષ્યોએ તેમને જમવા માટે બોલાવ્યા. નીંચુ ટેબલ અને ઊંચી ખુરશી રાખી. યોગી જમવા પધાર્યા. શિષ્યો પરીક્ષા લેવા માગે છે તે સમજી ગયા. વિચાર્યું કે ચમત્કાર દર્શાવી જો તેમને ઈશ્વર પ્રત્યે વાળી શકાય તો શો વાંધો ! તેમણે પોતાની સિદ્ધિથી ટેબલ ખસેડી નાંખ્યું અને અદ્ધર હવામાં ટેબલ-ક્લોથ ઉપર બધી વસ્તુ સ્થિર રહી. તેઓ આરામથી જમ્યા, પછી શિષ્યો બોલ્યા, ''આપ જ અમારા ભગવાન. અમને તમે સંકલ્પમાત્રથી મુક્તિ અપાવી દેશો.''

યોગીને પોતાની ભૂલ સમજાઈ. ત્યાંથી ભાગ્યા. બોલતા ગયાં, ''ભગવાન, મેં તમારો દ્રોહ કર્યો. હું ભગવાન બની બેઠો.''

દુનિયામાં ચમત્કાર જેવી વસ્તુ જ નથી. જે છે તે કાર્યકારણભાવ. બ્રહ્માંડમાં એકથી એક સૂક્ષ્મ જગતો છે. તે માનવદૃષ્ટિને અદૃશ્ય છે. તેમની સૃષ્ટિના પોતાના નિયમો છે. આવા વિવિધ જગતો હોવા છતાં તે એક જ ચેતનાના આવિર્ભાવો હોવાથી એકબીજા સાથે જોડાએલાં છે. ઊર્ધ્વ જગતનાં નિયમો નિમ્ન જગતનાં નિયમોના કાર્યકારણભાવને હસ્તક્ષેપ કરીને બદલી શકે છે, જેને લોકો ચમત્કાર કહે છે. તેઓ તો આવી સૂક્ષ્મ અને સંકુલ કાર્યકારણ-પરંપરાથી અજાણ હોવાથી તેમને પોતાના ભૌતિક જગતમાં અચાનક કારણ વગર કોઈ વસ્તુ બનતી લાગે છે. તેને તે ચમત્કાર ગણે છે. તેમના અજ્ઞાનનું તે પરિણામ છે.

લોકો જેને ચમત્કાર કહે છે તે માટે અત્યુચ્ચ દિવ્ય-શક્તિની જરૂર પડતી નથી. તે તો ભૌતિક જગતની પાસે હોએલ સૂક્ષ્મ અદૃશ્ય પ્રાણમય જગતના પ્રાણીઓની હાથ-કરામત હોય છે. આવા પ્રાણીઓને યોગી પોતાના નિયંત્રણ નીચે લાવી કામ કરાવી શકે છે.

જગતમાં બે પ્રકારનાં લોકો દેખાય છે. એક, નાસ્તિક જેઓ આ ભૌતિક જગત કરતાં જુદા સૂક્ષ્મ જગતો માનતાં જ નથી. બધું આ ભૌતિક જગતમાંથી રચાય છે અને તેમાં જ વિલીન થાય છે. બીજા, આસ્તિક લોકો વિશ્વાસ ધરાવે છે. ભગવાને જ ભૌતિક અને સૂક્ષ્મ જગતો રચ્યાં છે.

સાચો યોગી પોતાના અહંકારને પ્રભુનો નમ્ર દાસ બનાવી રાખે છે. પોતાની

(પૃ.૨૮ ઉપર)

# માનવવિકાસ ચક્ર

- શ્રી અરવિંદ

પુસ્તક પરિચય - **કે.કે.ખખ્ખર**

**(લેખ ક્રમાંક - ૨૩)**

## ધર્મ : જીવનનો કાનૂન

શ્રી અરવિન્દ કહે છે કે માનવજીવનનો સર્વોચ્ચ હેતુ અને તેના અસ્તિત્ત્વનું શિખર અધ્યાત્મ-ચેતના કે દિવ્યતાની પ્રાપ્તિ છે. તેના વ્યક્તિગત કે સામૂહિક વિકાસનો પણ આ જ હેતુ છે. શ્રી અરવિન્દે સમજાવ્યું છે કે માત્ર તર્કની મદદથી આ હેતુ સિદ્ધ થઈ શકે નહીં. એશિયન પ્રજા આ માટે ધર્મને પ્રત્યક્ષ તથા સબળ સાધન ગણે છે. શ્રી અરવિન્દ ઉમેરે છે કે માત્ર એશિયન જ નહીં, પરંતુ સમગ્ર માનવસમાજ માટે અધ્યાત્મ-ચેતનાની પ્રાપ્તિ માટે ધર્મનો માર્ગ શ્રેષ્ઠ છે. અલબત્ત, મધ્યકાલીન યુરોપમાં આવેલી બૌદ્ધિક જાગૃતિએ ધર્મની ધૂંસરી ફગાવવા જોરદાર પ્રયાસ કર્યો હતો. આમ છતાં ધર્મ પ્રત્યેની લોકોની સહજવૃત્તિને મિટાવી દેવાનું શક્ય ન હતું.

શ્રી અરવિન્દ સમજાવે છે કે માત્ર તર્ક - બુદ્ધિથી દોરવાયેલા કોઈ અંતિમવાદી વિચાર દ્વારા ધર્મનું નિકંદન કાઢવાનું નથી. ધર્મના નામે ચાલતા દંભ, ચમત્કારો કે હિંસાથી દોરવાઈને ચાલવાની જરૂર નથી. આવું બધું ચર્ચ, દેવળ, સાંપ્રદાયિક કે જાતિવાદી માનસથી ચાલતું હોય તો પણ તે આવા સંગઠનોના અગ્રણીઓની સ્વાર્થવૃત્તિથી પ્રેરિત હોય છે કે તેમના અંગત લાભની વૃદ્ધિ માટે જ હોય છે. ધર્મના નામે મધ્યકાલીન યુરોપમાં ફેલાએલી અંધાધૂંધી અને હિંસાથી ઇતિહાસ ખરડાયેલો છે. આ સમયમાં કહેવાતી ધાર્મિક સંસ્થાઓએ રાજસત્તા સાથે હાથ મિલાવેલા. શ્રી અરવિન્દે સમજાવ્યું છે કે એ કોઈ સાચા અર્થમાં ‘ધર્મ’ ન હતો. તે અર્ધબૌદ્ધિક માનસ દ્વારા પ્રેરિત સાંપ્રદાયિક પ્રવૃત્તિ હતી. એ સૌ જાણે છે કે પ્રાચીન ગ્રીસમાં ધર્મના નામે સોક્રેટિસનું કાસળ કાઢવામાં આવેલું. મધ્યકાલીન સમયમાં બ્રુનોને જીવતો સળગાવવામાં આવેલો અને ગેલેલિયોને જેલ ભેગો કરવામાં આવેલો. તે સમયના મિથ્યાભિમાની ધર્મગુરુઓએ ઈશ્વરને ચોક્કસ ધાર્મિક ચોકઠામાં બાંધી દીધેલો. ઈશ્વરના અસ્તિત્ત્વ સામેના કોઈપણ સવાલને તલવારની મદદથી દાબી દેવામાં આવતો. આ પ્રકારના સંકુચિત ધાર્મિક ખ્યાલોએ જીવનનાં આનંદ, સૌંદર્ય અને

નિર્મળતાને દબાવી દીધા હતાં. ધાર્મિક તપસ્યા અને માત્ર વિધિ - વિધાનોને જ ધર્મ માની લેવામાં આવતો. ધર્મનું સ્થાન વિશિષ્ટ હોવા છતાં ઈશ્વર તરફનો અભિગમ સમગ્રલક્ષી અને નૈતિક સ્વરૂપનો ન હતો. પ્રેમ, ઉદારતા, સૌજન્યશીલતા, સહિષ્ણુતા, દયાભાવ ઇત્યાદિ પણ ધર્મનાં જ સ્વરૂપો કે લક્ષણો છે, તેવી સમજ પ્રચલિત ન હતી. તેઓ ભૂલી ગયેલા કે ઈશ્વર એટલે પ્રેમ, સૌંદર્ય અને નિર્મળતા. રાજકીય ક્ષેત્રે પણ ધર્મે સત્તાનો પક્ષ લીધેલો અને ઉચ્ચ રાજકીય આદર્શોને અવરોધવાનું કામ કરેલું. નૈતિકતા એ ઈશ્વરનું જ કાર્યક્ષેત્ર છે એ વિસરાઈ ગયેલું. તેથી વિરુદ્ધ, નૈતિકતાને માત્ર ધર્માચાર્યો અને પુરોહિતોનું સામ્રાજ્ય ગણી કાઢવામાં આવેલું.

શ્રી અરવિન્દે સ્પષ્ટ કરી બતાવ્યું છે કે વાસ્તવમાં ધર્મ એ માનવજીવનનો માર્ગદર્શક નિયમ છે. તે જીવનનો કાનૂન છે. આથી પણ આગળ ધર્મ એ મનુષ્યનો આંતરિક 'સ્વભાવ' છે અને માનવજીવનનો પાયાનો નિયમ છે. આગળ ચાલતા શ્રી અરવિન્દ ધર્મ અને 'ધાર્મિકતા' વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરે છે. શ્રી અરવિન્દ કહે છે કે ખરો ધર્મ એટલે ધાર્મિકતા કે સંપ્રદાયિકતા નહીં, પરંતુ આધ્યાત્મિકતા છે. તે મનુષ્યની આત્મતત્ત્વની અંદર જીવન જીવવાની પ્રવૃત્તિ છે. આ પ્રવૃત્તિ મનુષ્યના બૌદ્ધિક તથા વ્યવહારુ જીવનથી પર હોય છે. તે આત્મતત્ત્વના પ્રકાશ અને નિયમોથી નિયંત્રિત હોય છે. આ આધ્યાત્મિકતા મનુષ્યને તેના દૈનંદિક ભૌતિક જીવનથી ઉપર લઈ જવા સમર્થ હોય છે. તે ભૌતિક જીવનને આધ્યાત્મિકતા તરફ વળાંક આપે છે.

મધ્યકાલીન યુરોપના ધર્મસુધારણા અને બૌદ્ધિક નવજાગૃતિના સમયમાં પાછા ફરતાં જણાશે કે ધર્મને જાકારો આપીને માત્ર ધાર્મિકતાને પ્રાધાન્ય આપવાનું વલણ પણ માત્ર ધાર્મિકતાને જ કેન્દ્રમાં રાખવા જેવી બીજા છેડાની ભૂલ હતી. ધર્મને આંધળી માન્યતા આપવી કે તેને સંપૂર્ણ નકાર કરવો એવી બે અંતિમતાઓ વચ્ચે ઝૂલતા લોલક જેવી સ્થિતિમાં માનવીય અસ્તિત્ત્વ અને વિકાસનો સંપૂર્ણ નિયમ માત્ર ધર્મ દ્વારા શી રીતે શોધી શકાય ? આ સંદર્ભમાં શ્રી અરવિન્દ સ્પષ્ટ કરે છે કે મનુષ્યના નિમ્નજીવનને માત્ર આધ્યાત્મિકતાનો પ્રકાશ જ માર્ગદર્શન આપી શકે અને દિવ્ય બનાવી શકે.

શ્રી અરવિન્દ આપણને સમજાવે છે કે અધ્યાત્મિક પુરુષને પ્રાચીન ભારતીય-વિચાર અનુસારના ઋષિ સ્વરૂપે કલ્પી શકાય. આવા ઋષિમુનિઓ પૂર્ણ માનવજીવન જીવતા હોવા છતાં તેઓ નિમ્નજીવનની મર્યાદાઓથી ઉપર ઊઠીને ઉચ્ચ-બૌદ્ધિક તેમ જ આધ્યાત્મિક વિશ્વ બન્નેને ખોળી શકવા સમર્થ હતા. તેઓ સંપૂર્ણ આંતરિકજ્ઞાન

ધરાવતા હતા, તેથી જ તેઓ ઈશ્વરની માફક દૈવી-માર્ગદર્શન આપવા સમર્થ હતા. તેઓ વૈશ્વિક જીવનની અંદર રહીને પણ તેનાથી ઉપર ઊઠી શકતા હતા.

ઉપર્યુક્ત અર્થમાં જીવનને પ્રકાશિત કરતો અને તેને એકસૂત્રે બાંધી આપતો ધર્મ એટલે ધર્મ એવી સમજણ શ્રી અરવિન્દે આપી છે. શ્રી અરવિન્દ કહે છે કે આધ્યાત્મિકતા મનુષ્યના સ્વાતંત્ર્યને - તેના આત્માના સ્વાતંત્ર્યને સ્વીકારે છે. આત્મતત્ત્વનું પાયાનું લક્ષણ મુક્તિ છે. મુક્તિનો ઊંડો અર્થ એટલે મનુષ્યના નિજતત્ત્વની પૂર્ણતા તરફના વિસ્તરણની ક્ષમતા. આવું સ્વાતંત્ર્ય જ તત્ત્વજ્ઞાન અને વિજ્ઞાનને એકીસાથે વિકસવાની ક્ષમતા આપે છે. તે ખુદ આત્મતત્ત્વના નકારનું સ્વાતંત્ર્ય પણ આપે છે. પ્રાચીન ભારતીય-પરંપરામાં ધર્મ અને તત્ત્વજ્ઞાન એકમેકથી અલગ પડી ગયા સિવાય, જોડાજોડ વિકસતા રહ્યાં. આ જ પ્રકારનું સ્વાતંત્ર્ય મનુષ્યના સામાજિક અને રાજકીય જીવનમાં પણ આપવામાં આવેલું.

શ્રી અરવિન્દ સમાપનમાં જણાવે છે કે આ તમામ પ્રકારના (ધાર્મિક, સામાજિક અને રાજકીય) જીવનનો આત્મ-તત્ત્વ દ્વારા નિયંત્રિત વિકાસ માનવજીવનની મહાનતમ્, ઉચ્ચતમ્ અને ગહનતમ્ સંભાવનાઓને ઉદ્‌ઘાટિત કરવા સમર્થ બની રહે છે.

---

(પૃ.૪૦ ઉપરથી)

## ભાવિ સમાજ

લાલસાઓનાં પ્રભાવ નીચે જીવાતું જીવન સાચું આધ્યાત્મિક જીવન હોતું નથી. સાચા આધ્યાત્મિક જીવનમાં આત્માની શક્તિઓ માનવના માનસિક અને ભૌતિક-જીવનમાં રેડાય છે અને માનવ પશુમાનવમાંથી દેવમાનવ બનવાનો પ્રયત્ન કરે છે. આજના માનવમાં પશુ અને દેવ સાથે સાથે રહેતાં લાગે છે અને પ્રસંગાનુસાર એક બળવાન પુરવાર થઈ બીજાને હતપ્રભ કરી નાંખે છે. માનવી - સુલભ આ માનવતાને અતિક્રમી જવા આત્માનાં પ્રભાવને ઝીલવો એ જ એક માર્ગ છે.

તેથી માનવે પોતાની પ્રકૃતિ અને પોતાના ભાવિ બાબત પૂરેપૂરી જાણકારી મેળવી લેવી જરૂરી છે. આ જાણકારી અને વ્યવસ્થા નીચે સ્વરૂપે જણાશે :

(૧) દરેક માનવમાત્ર માટે અને સમગ્ર સમાજ માટે એવી અનુરૂપ અને અનુકૂળ પરિસ્થિતિ રચવી જે તેના વિકાસને મદદરૂપ બને. અહીં વિકાસ એટલે ચેતનાનો સર્વાંગી વિકાસ અને તેને પોષક સમાજ-વ્યવસ્થા એ અર્થમાં લેવાનો છે. આવા વિકાસની વ્યવસ્થા છૂટાછવાયા માનવોની કે ખાસ વર્ગ કે જ્ઞાતિની, કોઈ ખાસ કુટુંબની કે સમાજ - માન્ય ઉચ્ચવર્ગીયની જ નહિ હોય પણ માનવમાત્ર માટે હશે.

# સાવિત્રી

- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## જગત પ્રભુનો દેહ

પ્રકરણ - ૧૦૫

(Savitri B-1, C-3, P - 41-42)

In the deep subconscient glowed her jewel - lamp;
Lifted, it showed the riches of the cave.
Where, by the miser traffickers of sense
Unused, guarded, beneath Night's dragon paws,
In folds of velvet darkness draped they sleep
Whose priceless value could have saved the world.

આ અવચેતનનાં પ્રદેશમાં પ્રવેશેલા અશ્વપતિનાં ચૈત્યપુરુષને જગન્માતાનો એક પ્રકાશ દેખાયો. તે ખરેખર તો ચૈત્યપુરુષનો પોતાનો જ પ્રકાશ હતો- મરજીવાનાં હેડલાઈટમાંથી નીકળતા પ્રકાશ જેવો ! શ્રી અરવિન્દ અહીં તેને Jewel-lamp કહે છે. 'રત્નજડિત દીપ' કહે છે. તેનો પ્રકાશ આંતર-પ્રકાશ તરીકે તે અવચેતનની ગુફાનાં આંતર-ભાગને ઉજાળી રહ્યો હતો અને અવચેતનની તે ગુફામાં જે આંતર-શ્રી, આંતર - વૈભવ પડ્યું છે, તે દર્શાવી રહ્યો હતો. તે ભાગ આપણી બાહ્ય ઈન્દ્રિયો માટે પ્રતિબંધિત હતો, કારણ તેઓની જાણવાની ક્ષમતા ખૂબ જ નિમ્ન કક્ષાની હતી અને તેઓ કોઈ કંજૂસ જેવા કે બેકાયદેસર પ્રવાસીઓ જેવા લાગતા હતા (miser traffickers). તેઓ આ પ્રદેશમાં ન પ્રવેશી જાય માટે કુદરતે એક કાંટાળી સીમા-વાડ રચી હતી. તે વાડ જાણે અચેતનરૂપી રાક્ષસનો ભીષણ પંજો હતો. જેમ બિલાડી પોતાના શિકારને ભક્ષ્યને પોતાના પંજા નીચે દબાવી રાખે તેમ અચેતને પેલાં ગુપ્ત-ખજાનાને પોતાના પંજા તળે ઢાંકી રાખ્યો હતો. જાણે ગુપ્ત ખજાના ઉપર કાળોતરો નાગ ન બેઠો હોય તે ધનની રક્ષા કરવા !

અચેતને હજી પણ વધારે તે અમૂલ્ય ધનને છુપાવવાની વ્યવસ્થા કરી હતી. તેણે અચેતનના અંધકારરૂપી મખમલી કપડામાં સત્યોને વીંટાળીને મધુર તંદ્રામાં સુષુપ્ત અવસ્થામાં રાખેલ હતાં, જેથી તેઓ જાગૃત થાય જ નહિં અને અચેતનનું સામ્રાજ્ય એ ગુફામાં અકબંધ ટકી રહે. જો તે સત્યો વહેલાં પ્રગટ થયાં હોત તો આજે આ જગતની જે દુર્દશા દેખાઈ રહી છે, તે થાત જ નહિ એટલા તે સત્યો અતિમૂલ્યવાન છે.

એ સત્યો છે વિજ્ઞાનમય કોષ અને આનંદમય કોષનો વિકાસ અને તેમની દ્વારા પૃથ્વી ઉપર વિજ્ઞાનમય જગત અને આનંદમય જગતનો આવિર્ભાવ. આજે ઉત્ક્રાંતિ મનોમય કોષનાં વિકાસનાં પૂરેપૂરાં પરિણામો પ્રગટ કરવામાં જ રોકાએલી છે અને તેથી મનોમય કોષની નબળાઈઓ, માનવી - નબળાઈઓને તે ઓળંગી શકતી નથી. માનવીનું રૂપાંતર કરવું હજી શક્ય નહોતું.

અશ્વપતિને ઉત્ક્રાંતિની હાલની સમસ્યા અને માનવને અતિક્રમી જવાનો માર્ગ દેખાયો.

A darkness carrying morning in its breast
Looked for the eternal wide retarning glean,
Waiting the advent of a larger ray
And rescue of the lost herds of the Sun.

આ રીતે અચેતનના અંધકારે પોતાનાં ઉરમાં એક આગામી ઉત્ક્રાંતિની પ્રભાતને છુપાવી રાખી હતી. તે પ્રભાત વાટ જોઈ રહ્યું હતું કે પોતાના પ્રગટ થવાના પોકારને પ્રભુ તરફથી શો પ્રત્યુત્તર આવે છે ! જો પ્રભુનો સંકલ્પ હશે અને કાળ પાકી ગયો હશે તો તે પ્રભાતના પોકારને આવકારતો અને સંમતિ આપતો પ્રત્યુત્તર મળશે, જે તે સત્યને ઉત્ક્રાંતિમાં પ્રવેશવા ખૂબ જ વિશાળ પાયે બધી અનુકૂળતાઓ કરી આપશે અને તે અનુકૂળતાઓ પ્રાસંગિક કે ક્ષણિક ન રહેતા કાયમી સ્વરૂપની હશે, જેથી આગામી ઉત્ક્રાંતિનો પાકો કાયમી અને મજબૂત પાયો રચાય. તે માટે તે અચેતનમાંનું પ્રભાત કોઈ વિશાળ (larger) અને વધુ પ્રકાશ અને શક્તિના ઊર્ધ્વમાંથી થતા અવતરણની વાટ જોઈ રહી હતી. તે અવતરણ આ છુપાએલા પ્રભાતને મદદરૂપ બનશે. અરે, બચાવ-કાર્ય જેવું બની રહેશે. આ બધાં સત્યો અર્થાત્ વિજ્ઞાનમયકોષ અને આનંદમય કોષની સિદ્ધિઓ એ તો મૂળ પરમ-

ચેતનાના જ આંશિક આવિર્ભાવો અથવા વ્યક્તિ-સ્વરૂપો છે. તેઓ જાણે પરમ-ચેતનારૂપી સૂર્યની વિવિધ કિરણોરૂપી ગાયોનું ધણ છે. વેદોમાં આવી ગાયોની ઉપમા વારંવાર આવે છે. અચિત્‌રૂપી અસુરે અપહરણ કરીને લાવેલી અને પોતાના અંધકારરૂપી ગુફામાં પૂરી દીધેલી જાણે આ ગાયો છે, તે ગાયોને છોડાવવાનું આયોજન જાણે ઘડાઈ રહ્યું છે. વિશ્વ-કિરણોરૂપી સૂર્યની ગાયોને પેલા બાર આદિત્યોને, અદિતિના પુત્રોને જાણે આ વૃત્રાસુરરૂપી અચિતે ગોંધી રાખ્યાં છે. તેમને છોડાવવા જાણે પ્રતિ હુમલો કરવાની તૈયારી થઈ ગઈ છે.

In a splendid extravagance of the waste of God,
Dropped carelessly in creation's spend thrift work,
Left in the chantiers of the bottomless world
And stolen by the robbers of the Deep,
The golden shekels of the Eternal lie,
Hoarded from touch and view and thought's desire,
Locked in blind antres of the ignorant food
Lest men should find them and be even as Gods.

અવચેતન અને અચેતનમાંની વસ્તુઓ એ જાણે એક આશ્ચર્યકારક નકામો કચરો છે, જે પ્રભુએ પોતાના ખર્ચાળ સ્વભાવને કારણે નિર્માણ કર્યો છે. પણ આ નકામો લાગતો કચરો જ કુદરતે પોતાની કરકસરની ટેવને લીધે પોતાના સૃષ્ટિની રચનામાં જાણે ખાતર તરીકે વાપરી તેનો સદ્‌ઉપયોગ કરી લીધો છે. જાણે best out of waste નિર્માણ કરેલ છે. આ નકામો કચરો અવચેતન-અચેતનના તળાતળમાં અર્થાત્ અતળ ઊંડાણમાં રાખેલ છે અને તે અચેતનમાંના કચરારૂપી સત્યો સતત પોતાનો આવિર્ભાવ થવાની અભીપ્સા સેવી રહ્યાં છે અને તેનું આવર્તન રચી રહ્યાં છે. આ સત્યોને જાણે અતળ ઊંડાણમાંના અચિત્ (Deep)નાં લૂંટારુઓએ - પ્રાણીઓએ - લૂંટી લીધાં છે. તે લૂંટારુઓ અને અચિત્ એ તો કાયમ અસત્યની જ જાણે સોનાની - સાંકળ છે જે ઉત્ક્રાંતિને આગળ વધતાં કાયમ રોકી રાખે છે અને અવરોધો નિર્માણ કરે છે. પણ તેની પાછળ પ્રભુનો ગુપ્ત હેતુ છે. તે સત્યોમાં ઈન્દ્રિયો અને મનનાં વાસનાનાં દૂષણો ન આવે અને તેનો ચેપ ન લાગે તેની જાણે પૂરતી કાળજી લેવાઈ રહી છે. જાણે તેમને sterilized કરવામાં આવ્યાં છે, નિર્જન્તુક

કરવામાં આવ્યાં છે.

અચિત્ જાણે તેમને બંધ-અંધારી ગુફામાં (Antres) પૂરી રાખ્યાં છે, પણ તે સત્યો અચિત્થી ઘેરાએલાં હોવા છતાં તેમને આંતરિક રીતે પ્રભુ પોષણ આપતાં હોય જ છે અને અચિત્ને એ શક્તિ પુરવઠો મળી રહ્યો છે એનો ખ્યાલ પણ હોતો નથી.

અચિત્ આટલી બધી કાળજી રાખે છે, કારણ તેને એવો ડર છે કે આ સત્યો જો માનવ જાણી જશે અને તેની મદદથી ઉત્ક્રાંતિ સાધશે તો તે અંતે પ્રભુ - સ્વરૂપ જ બની જવાનો છે અને માનવ પ્રભુરૂપ બની જશે તો તેનું માનવમાં રહેવાનું સ્થાન ઝૂંટવાઈ જવાનું છે. માનવ અવચેતન અને અચેતનની ઘૂંસરીમાંથી પોતાને મુક્ત કરી લેશે.

A vision lightened on the viewless heights,
A wisdom illumined from the voiceless depths.
A deeper interpretation greatened Truth,
A grand reversal of the Night and Day;
All the world's value changed heightening life's aim;
A wiser word, a larger thought came in
Than what the slow labour of human mind can bring,
A secret sense awoke that could perceive
A Presence and Greatness everywhere.

અંતે ઊર્ધ્વમાંની પેલી અદૃશ્ય ચેતનામાં આગામી ઉત્ક્રાંતિને આગળ ધપાવવાનું દર્શન પ્રગટ થયું. તે ઊર્ધ્વમાંનાં અત્યુચ્ચ ઊંડાણમાંથી શબ્દાતીત જ્ઞાનનો પ્રકાશ ફેલાવા લાગ્યો અને ત્યાં અચિત્માં પડેલાં પેલા ગુપ્ત સત્યોનું મહત્ત્વ નવા જ્ઞાનને લીધે પ્રગટ થયું અને છેવટે પેલી અચિત્ના રાત્રિસ્વરૂપ અવચેતન અને અચેતનનું (Night) તેમ જ માનવી-ચેતનાનું (Day) રૂપાંતર કરવાનો સંકલ્પ જાગ્યો. તેને કારણે માનવોને જીવનનાં વધારે ગૂઢ અને ઉદ્દાત્ત હેતુનાં દર્શન થયાં અને તેને કારણે જગતમાં પ્રસ્થાપિત મૂલ્યો બદલાવા લાગ્યાં. તેમાં મૂળગામી ફેરફારો થવા લાગ્યો. કોઈ કાંતદૃષ્ટા માનવે જીવનનું વિશાલ દર્શન રજૂ કર્યું અને વધારે ઊર્ધ્વમાંના સત્યયુક્ત ઉપદેશ આપ્યો. સામાન્ય માનવીની ચેતના જે ગતિએ ઉત્ક્રાંતિને આગળ વધારે છે તેની કરતાં પણ ઝડપથી ફેરફારો થવા લાગ્યાં. માનવોમાં જાણે કોઈ અતિન્દ્રિય વસ્તુનો વિકાસ થયો, જે પરમ-ચેતનાની હાજરી (Presence) અને

(પૃ.૨૩ ઉપર)

# ઉપનિષદોનું અમૃત

- માનસિંહ ચાવડા

## પૂર્ણયોગનું બીજ

પ્રકરણ-૩૦

ઈશોપનિષદ (૧૫-૧૮)

આપણને વિદ્યા અને અવિદ્યાનો, સંભૂતિંનો અને અસંભૂતિંનો સમન્વય કરવાની સલાહ ઋષિ યાજ્ઞવલ્કય આપે છે. હવે તેમનો સમન્વય કઈ રીતે થયો છે તેની એક ગૂઢ પ્રક્રિયા ઋષિએ જાણી છે તે આપણને જણાવી રહ્યાં છે.

જગત અને નિરાકાર આત્મતત્ત્વને (અક્ષરબ્રહ્મને) તેમ જ આવિર્ભાવ સ્વરૂપ દેવો અને તેમનું મૂળ સ્વરૂપ અક્ષરબ્રહ્મ બન્નેને જોડનાર એક જ તત્ત્વ છે. તે તત્ત્વ છે વિશ્વાતીત પુરુષ અર્થાત્ ઈશ્વર પોતે. પતંજલિ તેને 'વિશેષ પુરુષઃ' તરીકે વર્ણવે છે. આપણા બધાંમાં પણ આત્મતત્ત્વે પ્રકૃતિનું આવરણ ઓઢીને પુરુષ સ્વરૂપ મેળવેલ છે, વ્યક્તિત્વ રચ્યું છે પણ આપણે બધાં કર્મબંધનોથી બંધાએલાં, સુખદુઃખ અનુભવતા વ્યક્તિ - સ્વરૂપ પુરુષો છીએ. ઈશ્વર આ બધાંથી મુક્ત છે. તેને વ્યક્તિત્વ છે પણ કર્મબંધનો નથી, કારણ ત્યાં અજ્ઞાન નથી.

આ ઈશ્વર જ પ્રથમ તત્ત્વ છે, સત્ય એટલે ઈશ્વર તત્ત્વમાં ઋતમ્ તરીકે, બીજરૂપે રહેલ વસ્તુ. આ બીજ - સ્વરૂપે રહેલ વસ્તુ, આવિર્ભાવ પામવાની, વાસ્તવિક રીતે વ્યક્ત બનવાની પ્રક્રિયા શરૂ થાય છે ત્યારે તે સત્ય બનવા માંડે છે. ઋતમ્ સ્વરૂપે તે 'સત્' છે. તેમાંથી આવિર્ભાવ પામે તે સત્ય. આ જે આવિર્ભાવનો આરંભ-બિંદુ તે જ ઈશ્વર છે. તે જ પ્રથમ છે. તેનો સ્વભાવ છે પોતાને વ્યક્ત કરવું. આ સ્વભાવને જ કહેવાય છે 'સત્યધર્મ'. નિષ્ક્રિય ઈશ્વર જ અક્ષરબ્રહ્મ છે. તે સક્રિય બનીને જ જીવ અને જગત બન્યો છે.

આ સત્યધર્મ ક્યાં સંતાયું છે તે હવે જણાવે છે. વેદોમાં વિશ્વાતીત પુરુષોનાં ત્રણ સ્વરૂપો વર્ણવેલાં છે. ઈશ્વર, હિરણ્યગર્ભ અને વિરાટ. ઈશ્વર ચૈતસિક કક્ષાનો. વિશ્વાતીત આવિર્ભાવ છે. હિરણ્યગર્ભ માનસિક કક્ષાનો અને વિરાટ ભૌતિક કક્ષાનો. ત્રણે એકથી એક વધારે ઘનીભૂત અને સ્થૂળ છે. આ સ્થૂળતા જ અપારદર્શકતા આપે છે. તેથી વિરાટની પાછળ હિરણ્યગર્ભ અને હિરણ્યગર્ભની પાછળ ઈશ્વર સંતાએલો છે. તેને કારણે ઈશ્વરનો આવિર્ભાવ પામવાનો સ્વભાવ

'સત્યધર્મ' પણ આ હિરણ્યગર્ભની પાછળ સંતાએલો છે. તેથી ઋષિ જણાવે છે કે હિરણ્યગર્ભરૂપી સોનેરી પાત્રથી (શ્રી અરવિન્દની ભાષામાં અતિમનસથી) આ ઈશ્વરરૂપી બ્રહ્મતત્ત્વનું આવિર્ભાવ કેન્દ્રસ્વરૂપ મુખ ઢંકાએલું છે. વિજ્ઞાનમય કોષ (અતિમનસ) એ જ સુવર્ણમય પાત્ર છે. તેની પાછળ ઈશ્વરના આનંદમય કોષનું આવિર્ભાવ કેન્દ્ર છે તે ઈશ્વરનું મુખ છે. તે આનંદ તત્ત્વ છે. તે જ સત્યધર્મ છે અર્થાત્ બ્રહ્મતત્ત્વનો મૂળ સ્વભાવ છે. હે હિરણ્યગર્ભ, તું અમને તેના સત્યધર્મને જોવાની અમારી ક્ષમતાને વિકસાવ. તું તે વિકસાવે છે માટે જ તને પૂષન કહે છે (પોષણ આપનાર).

હવે આ હિરણ્યગર્ભની વિશેષતા વર્ણવે છે તે આવિર્ભાવની પ્રક્રિયાને પોષણ આપે છે તેથી પૂષન. તે જ આપણને ઈશ્વરનો સાક્ષાત્કાર કરાવનાર તત્ત્વ છે, તેથી તે પ્રથમ ઋષિ છે અર્થાત્ 'એકર્ષે' છે. પતંજલિ તેમને ગુરુઓનાં આદ્યગુરુ તરીકે નવાજે છે. તે જ આવિર્ભાવ પ્રક્રિયાનું નિયમન કરે છે, તેથી યમ. તે જ આવિર્ભાવ પ્રક્રિયા દ્વારા જ્ઞાન આપે છે તેથી સૂર્ય એટલે સુર (દિવ્ય) તત્ત્વોને પ્રકટ કરનાર કેન્દ્ર. તે જ અનંતરૂપો સ્વરૂપ ઈશ્વરને પ્રગટ કરે છે, તેથી પ્રજાપતિ. આ બધાં જ, હે હિરણ્યગર્ભ, આપના અનંત ગુણો પૈકીનાં આવિર્ભાવ પ્રક્રિયાનાં ખાસખાસ ગુણોનો પ્રકાશસ્વરૂપ સમુદાય છે. (રશ્મિન સમૂહ) અર્થાત્ તેમનું સંપૂર્ણ સ્વરૂપ જાણવું મુશ્કેલ છે. દરેક ગુણ ચૈતસિક કક્ષાએ એક વિશેષ પ્રકાશરંગ તરીકે પ્રગટ થતો હોવાથી ઋષિ તેમને 'રશ્મિન્' કહે છે. તે પ્રકાશરંગોને કારણે જે ભવ્ય અને દિવ્ય અને કલ્યાણકારી એવું જે તારું સ્વરૂપ રચાય છે (તેનો યત્તે રુપં કલ્યાણતમં) તે હું મારાં આ દિવ્ય - ચક્ષુથી જોઈ શકું છું.

આવા જે દિવ્ય પ્રકાશ રંગોમાંથી જે ઈશ્વરનું સ્વરૂપ રચાયું છે (યો સાવસૌ) તે પુરુષ પોતે જ છે એવો ઋષિને સાક્ષાત્કાર થાય છે.

આ ઈશ્વર - તત્ત્વ સાથે જ્યારે સાધક પોતાની એકરૂપતા અનુભવે છે, ત્યારે જ સાચા અર્થમાં વિદ્યા અને અવિદ્યા, સંભૂતિં અને અસંભૂતિંનો સાચો અને પૂર્ણ સમન્વય સધાય છે. ત્યાં સુધી સાધક બન્નેની ઉપાસના કરતો હોવા છતાં તે બન્ને ખરેખર એક જ વસ્તુનાં બે પાસાં માત્ર છે તેનો તેને ખ્યાલ હોતો નથી. બન્ને જુદી વિદ્યાઓ છતાં બન્ને જીવનમાં ઉપયોગી છે. માટે બન્નેને અનુસરવું જોઈએ એવો દ્વૈતભાવ તેના હૃદયમાં રહે છે.

ઈશ્વર સાથેની એકરૂપતા સંસાર અને દિવ્યસત્ય, સાકાર અને નિરાકાર એક જ

ચેતનાની એક જ સમયે થતી સ્થિતિ છે તેનો પ્રત્યક્ષ અનુભવ લઈ શકે છે. તેને સર્વત્ર અને સર્વમાં ઈશ્વર જ અનુભવાય છે. આવા સમન્વયકારી સંપૂર્ણ અનુભવને જ પ્રભુને 'તત્ત્વતઃ' જાણવા એમ ગીતા કહે છે.

હવે પ્રશ્ન થાય છે કે આ ઈશ્વર-તત્ત્વ, જે સમન્વયકારી છે, તેની સાથે એકરૂપતા કેવી રીતે પ્રાપ્ત કરવી ? તે માટે ઋષિ પોતાના અનુભવના આધારે માર્ગ દર્શાવે છે.

પ્રથમ તો ઈશ્વર મેળવવાની તીવ્ર જિજ્ઞાસા અને અભીપ્સા જગવવી પડે છે. તે માટે નીચે મુજબની પ્રાર્થના પ્રભુને કરો :

''પ્રભુ, આ શરીર જે પંચપ્રાણે નિર્માણ કરેલું ઘર છે અને જે ઈશ્વરને રહેવા માટે (અમૃતં) તૈયાર થઈ રહ્યું છે. તે તો હજી નાશવંત જ છે. તેથી તે નાશ પામે તે પહેલાં ઈશ્વરે જે મારા સ્વરૂપ દ્વારા પોતાની અભિવ્યક્તિ સ્વરૂપ જે યજ્ઞ શરૂ કર્યો છે તેને ધ્યાનમાં લઈ (ક્રતો સ્મર) અને મેં જે કાંઈ અત્યાર સુધી તેને માટે પ્રયત્ન કર્યા છે તે ધ્યાનમાં લઈ (કૃતં સ્મર) જે અભિવ્યક્તિનો યજ્ઞ અધૂરો રહ્યો છે, તેને આગળ ધપાવવો જરૂરી છે. તે માટે ઈશ્વરના અંશસ્વરૂપ આત્મા હૃદયમાં ચૈત્ય - અગ્નિ તરીકે બિરાજેલ છે જ તેની મદદ લેવી જરૂરી છે. મારામાં ચૈત્ય-અગ્નિ સ્વરૂપ હે ઈશ્વર, અમને અમારા નિયોજિત વિકાસના માર્ગે જ (સુપથે) લઈ જાઓ. અમારા વ્યક્તિત્વ - સ્વરૂપ વિશ્વનાં તો આપ પૂરેપૂરા જાણકાર છો. અમારા વિકાસમાં આવતા બધા અવરોધોનો આપ સંઘર્ષ કરી નાશ કરો. આ ભૌતિક જીવનમાં અટવાએલાં અમે આપને વંદન કરતાં કરતાં (ભૂયિષ્ઠાં) સાચા દિલથી પ્રાર્થના કરીએ છીએ કે અમને ઉપર મુજબના રાહે ચાલવાની ક્ષમતા આપો.'' (અગ્ને નય સુપથા રાયે । અસ્માન્ વિશ્વાન્ દેવ વયુનાનિ વિદ્વાન । યુયોધસ્વ જુહરાણમેનો ભૂયિષ્ઠાં તે નમ ઉકિતં વિધેમ।।

આ રીતે તીવ્ર અભીપ્સા જાગૃત થતાં જ આપણા હૃદયમાંનો ચૈત્યપુરુષ પોતે અગ્રભાગે આવીને આપણી સાધનાનું સુકાન હાથમાં લેશે અને આપણા સાધના-માર્ગને નિષ્કંટક કરશે જેથી આપણે ઈશ્વર સાથે એકરૂપતા સાધી ઉપર જણાવેલો સમન્વય કરી શકીશું અને પ્રભુના યજ્ઞને સફળ બનાવી શકીશું.

(શ્રી અરવિન્દનું દિવ્ય-જીવન એ મૂળતઃ ઈશોપનિષદ ઉપરની જ તેમની ટીકા સ્વરૂપે લખવાની શરૂઆત થઈ હતી. ઉપનિષદના ઉપરોક્ત વિચારો ઉપર જ મૂળતઃ શ્રી અરવિન્દના પૂર્ણયોગનો પાયો ઊભો છે. તેમણે આ બીજસ્વરૂપ પૂર્ણયોગને પછી પોતાની આગવી રીતે વિકસાવ્યો છે - તંત્રી)

# યોગ વિષે પત્રો

- શ્રી અરવિંદ

સ્વરૂપની ભૂમિકાઓ - પ્રકરણ - ૨૪

## અવચેતનની કાર્યપદ્ધતિ

(ભા.૧, પૃ.૪૦૦-૪૦૭)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ મૂલાધાર ચક્ર એ શુદ્ધ શારીરિક ચેતનાનું ખાસ કેન્દ્ર છે. પૃ.૩૯૯

૨ અવચેતનાનું મુખ્ય સ્થાન તો શરીરની નીચે હોય છે. પૃ.૩૯૯

૩ અવચેતનનો અનુભવ ગમે ત્યાં (ચેતનાના સ્તરે) થઈ શકે છે. પૃ.૩૯૯

૪ નિમ્ન પ્રાણમય ગતિઓનો મુખ્ય આધાર અવચેતના છે. પૃ.૩૯૯

૫ અવચેતનાનું કાર્ય બુદ્ધિરહિત, યાંત્રિક અને પુનરાવર્તન થયા કરતું હોય છે. પૃ.૩૯૯

૬ ટેવને વશ થએલા કાર્યનો આધાર અવચેતના છે. પૃ.૩૯૯

૭ આપણા કાર્યનાં ત્રણ ગુહ્ય મૂળો રહેલાં છે - પરચેતના, પૃષ્ટસ્થ ચેતના અને અવચેતના..... કોઈના ઉપર આપણો કાબૂ હોતો નથી. પૃ.૪૦૦

૮ વૈશ્વિક પ્રકૃતિની લહેરો આપણી ચેતનાની સપાટી ઉપર સીધેસીધી ..... બીજાઓ મારફતે..... સંજોગો મારફતે...... બીજાં માધ્યમો અથવા વાહકો દ્વારા આપણી અંદર પ્રવેશ કરે છે. પૃ.૪૦૦

૯ અનિષ્ટ વસ્તુઓ..... સામાન્ય રીતે વૈશ્વિક પ્રકૃતિના જે તે પ્રદેશમાં ચાલી જાય છે..... (પણ ઘણી વખત)... તે આપણી આજુબાજુના વાતાવરણની ચેતનાના (ઑરામાં) પડી રહે છે. પૃ.૪૦૧

૧૦ (અવચેતના) તે સંસ્કારો, અંધપ્રેરણાઓ, ટેવ મુજબની પ્રક્રિયાઓનો ભંડાર છે. પૃ.૪૦૩

૧૧ (અનિષ્ટ વસ્તુઓને) તેમને હાંકી કાઢવામાં આવે તો તેઓ 'પણીઓની' આ (અવચેતન)ની ગુફામાં આશ્રય લે છે. પૃ.૪૦૪

૧૨ પૃષ્ઠસ્થ ચેતના..... સપાટી ઉપરની ચેતના કરતાં તો ઘણી વિશાળ અને ઘણી ચોક્કસ છે. પૃ.૪૦૬

૧૩ અવચેતન મન... પૂર્વજન્મમાંથી..... સંપર્કો પૂરા પાડે છે. પૃ.૪૦૭

મૂલાધાર ચક્ર શુદ્ધ પાર્થિવ-ચેતનાનું કેન્દ્ર છે. તેની નીચે જડ ભૌતિક - ચેતનાનું કેન્દ્ર જે અવચેતનના અને અચેતનના પ્રભાવ નીચે આવી ગએલું છે તે છે. જેમ જેમ નીચે જઈએ તેમ તેમ અચેતન વધતું જાય છે.અવચેતનનું કેન્દ્ર ગોઠણ છે અને અચેતનનું પગની પાની (તળિયાં) પણ અવચેતનનો પ્રભાવ અને કાર્ય આપણા અજ્ઞાનગ્રસ્ત સમગ્ર સ્વરૂપ ઉપર પડે છે. ચૈત્યપુરુષ અને તેની ઉપરનો જીવાત્મા વગેરે અવચેતનનાં પ્રભાવથી મુક્ત હોય છે. આપણાં મન, પ્રાણ, શરીર અને ચિત્ત અવચેતનનાં પ્રભાવ નીચે આવી ગએલાં હોય છે. નિમ્નપ્રાણ અને શરીરની ટેવોસ્વરૂપ યાંત્રિક ગતિઓને અવચેતન આધાર પૂરો પાડે છે, તેથી તે ગતિને સર્વશઃ અને કાયમી - સ્વરૂપે ભાંગી નાખવી મુશ્કેલ જાય છે. ઊર્ધ્વપ્રકાશ અને દિવ્ય-બળ સિવાય તે રૂપાંતર પામતું નથી.

અવચેતન ફક્ત ખોટી ટેવોને જ આધાર આપે છે એ સત્ય નથી. તે સારી ટેવોને પણ તેટલો જ આધાર આપે છે. યાંત્રિક અને અભાન રીતે પુનરાવર્તન કરવું એ જ અવચેતનનો ખાસ ગુણ ગણ્યો છે.

આપણા દરેક કાર્યનાં ગુહ્ય મૂળો ત્રણ પૈકી એક ઠેકાણે હોઈ શકે છે : (૧) ઊર્ધ્વચેતના (૨) પૃષ્ઠસ્થ ચેતના અર્થાત્ આંતર-ચેતના (૩) અવચેતન. આ ત્રણે આપણી જાણ વગર આપણા બધાં જ કાર્યોને આધાર આપતાં હોય છે અર્થાત્ બધાંનું જ (કર્મોનું) આદિમૂળ તો વિશ્વપ્રકૃતિ જ છે. તેમાંથી જ આપણી પ્રકૃતિ બંધાએલી હોય છે, જેમાં વિશિષ્ટ દૈવી-શક્તિઓ, અને અદિવ્ય-શક્તિઓ સામસામે કાર્ય કરીને આપણા સ્વભાવ, વ્યક્તિત્વ અને વલણોને રચે છે. આ સમગ્ર પ્રક્રિયાને આધાર ઉપરનાં ત્રણ તત્ત્વો આપતાં હોય છે. વિશ્વપ્રકૃતિમાં ઊઠેલી લહેરો આપણાં સ્વરૂપનાં બંધારણને ઘડતી હોય છે. તેમાંનો બહુ થોડો ભાગ જ આપણા જાગૃત મનમાં પ્રવેશી કાર્ય કરતો હોય છે. મોટોભાગ પૃષ્ઠસ્થ ચેતનામાં ચાલ્યો જાય છે અને ત્યાંથી ગમે ત્યારે પ્રગટ થઈ શકે છે. થોડોક ભાગ ઊર્ધ્વ-ચેતનાનાં કાર્યમાં વપરાય છે અને અમુક ભાગને તો આપણે સ્વીકારેલ ન હોવાથી તે વિશ્વપ્રકૃતિમાં પાછો ઠલવાય છે.

આવી રીતે આપણું સ્વરૂપ સતત બદલાતું હોય છે. આપણું સ્વરૂપ એટલે વિશ્વપ્રકૃતિનાં આંદોલનોનું એક વમળ માત્ર હોય છે. જે સતત બદલાતું હોય છે. તે પ્રવાહ નિત્ય હોય છે. ખૂબ જ વેગથી બદલાવાથી સ્થિર લાગે છે એટલું જ.

આ વમળની ગતિને કારણે જ ઘણી વખત આપણે બહાર ફેંકી દીધેલી ટેવો ફરીને પાછી વમળમાં સપડાઈને પોતાનું સ્થાન મેળવી લેતી દેખાય છે.

આપણા બાહ્ય સ્વરૂપને વંશપરંપરાનો નિયમ પ્રભાવિત કરે છે, તો સૂક્ષ્મ સ્વરૂપને (મન, પ્રાણને) વિશ્વપ્રકૃતિનો પ્રભાવ. સાધક ઘણી વખત આવા પ્રભાવને વિરોધી

શક્તિઓનો હુમલો ગણે છે. ખરેખર તો તેવું હોતું નથી. પણ વિરોધી - શક્તિઓ આવી પરિસ્થિતિનો ફાયદો જરૂર લે છે.

પૃષ્ઠસ્થ ચેતનામાંથી જ અભીપ્સા, આદર્શો, ઝંખનાઓ તેમ જ કલા, કાવ્ય અને તત્ત્વજ્ઞાનની દૃષ્ટિ અને ક્ષમતાઓ આવે છે. ત્યાંથી જ દૈવી - શક્તિઓ કાર્ય કરતી હોય છે.

જાગૃત ચેતનામાં ઊર્ધ્વ-ચેતના સ્થિર થયા પછી જ ત્યાંથી તે રેલાતી અવચેતનમાં પ્રવેશે છે અને તેનું રૂપાંતર કરે છે, ત્યારે જ અવચેતનનો નઠારો પ્રભાવ બંધ પડે છે. ત્યાં સુધી તો સાધકે શુભ અને શિવ - સંકલ્પોથી અવચેતનની ગતિઓને સતત ભાંગવાનો પ્રયત્ન અને તપ કરવું જ પડે છે.

આવા તપમાં એકાગ્રતા દ્વારા શરીરના નિશ્ચિત ભાગ ઉપર કે તેની ગતિવિધિ ઉપર શુભ સંકલ્પનાં આવર્તનો કરી તે મુજબનો ભાવ અને ખાતરી, વિશ્વાસ નિર્માણ કરવો પડે છે. તે વિશ્વાસ જ અવચેતનમાં જઈને અવચેતન દ્વારા નિશ્ચિત પરિણામો લાવે છે.

વેદોમાં અવચેતનના સંસ્કારો માટે પણીઓનું (લૂંટારુઓનું) પ્રતીક આપેલ છે અને આ પણીઓ અવચેતનની અંધારી ગુફામાં ભરાઈ રહે છે અને સાધના માર્ગ ઉપર ચાલતા સાધકોને લૂંટવાનું કામ કરે છે એવા વર્ણનો જોવા મળે છે.

દિવ્ય-અવચેતન એટલે રૂપાંતર પામેલી પ્રકાશમય (સ્મૃતિ) એમ કહી શકાય. ભૂતકાળમાં પ્રાપ્ત કરેલી પ્રગતિને ભાવિ પ્રગતિ માટે સંગ્રહી રાખવી એ તેનું દિવ્ય-કાર્ય છે. અવચેતન એ પરમ-ચેતનાની અચલતાનું વિકૃત સ્વરૂપમાત્ર છે. પરમ-ચેતના સ્થિર છે અને અવચેતન તેની જ સ્થિરતા બધાં જ સંસ્કારોને આપવાનો પ્રયત્ન કરે છે.

અવચેતન અંધારા પાતાળ-કૂવા જેવું છે. તેમાંના અવિદ્યાના સ્રોતો જ્યાં સુધી બંધ ન થાય ત્યાં સુધી તેનો પરિણામ નષ્ટ થવો શક્ય નથી. અવચેતનમાં ઘણી ભયજનક વસ્તુ છે જેની માનવ કલ્પના પણ કરી શકતો નથી. સ્મૃતિ એ ચિત્તની ક્ષમતા છે. અવચેતનના સંસ્કારો ચિત્તમાં છવાતાં જ તે સ્મૃતિરૂપે પ્રગટ થાય છે. પણ અવચેતન અને સામાન્ય સ્મૃતિ એક જ નથી. સ્મૃતિ ચિત્તની ક્ષમતા છે. સ્મૃતિ દ્વારા ભૂલાએલાં સંસ્કારોને જાગૃત મનમાં લાવવામાં આવે છે. ભૂલાએલાં સંસ્કારો જે હજી સ્મૃતિની પ્રક્રિયામાં પ્રવેશ્યા જ નથી તે અવચેતન છે.

પૃષ્ઠસ્થ ચેતના (subliminal)ને મનોવિજ્ઞાન અવચેતન ગણે છે તે ભૂલ છે. પૃષ્ઠસ્થ - ચેતના પ્રકાશિત હોય છે. દિવ્યતાનો તેને સ્પર્શ મળેલો હોય છે. તે ચૈત્યપુરુષની સીમા ઉપર રહેલી છે પણ અવચેતન અંધકારમય છે, તેને દિવ્યતાનો સ્પર્શ

નથી. તે ચૈત્યપુરુષનો પ્રભાવ પણ જ્યાં પહોંચતો નથી તેવા અચેતનનો સીમાવર્તી પ્રદેશ છે.

પૃષ્ઠસ્થ ચેતના દરેક ભાષામાં વ્યક્ત કરેલાં ભાવ પકડીને સમજી શકે છે. તેને ભાષાની મર્યાદાનું નડતર નથી. પૃષ્ઠસ્થ ચેતના ઊર્ધ્વ-ચેતનાનાં લોક સાથે સંપર્કમાં આવી શકે છે. અવચેતન આથી વિરુદ્ધ ભાષાકીય મર્યાદા તોડીને ભાવ પકડી શકતું નથી. કારણ તેનું નિર્માણ જાગૃત મનમાં અનુભવેલાં સંસ્કારોમાંથી થાય છે. જાગૃતમનમાં ભાષાની મર્યાદા નડવાથી તે અવચેતનને પણ નડે છે. બીજું, અવચેતન ઘણી વખત નિમ્ન પ્રાણમય લોક સાથે સંપર્કમાં આવી ભયાવહ સ્વપ્નો રચી શકે છે.

અવચેતન આવો શબ્દ વેદોમાં જણાતો નથી, પણ 'સંચિત કર્મો' જેવા શબ્દો છે. પણીનું રૂપક નિશ્ચિત રૂપે અવચેતનનો નિર્દેશ કરે છે. પુરાણોમાં પાતાળલોકનું વર્ણન છે. યોગવાશિષ્ઠ્યમાં યોગ્ય શબ્દ મળવાની શક્યતા છે.

---

(પૃ.૧૬ ઉપરથી)

## સાવિત્રી

મહત્તા (Greatness)ની દિવ્ય-જીવન રચવા માટે દરેક ક્ષેત્રમાં જીવનમાં જરૂરી છે, એનું ભાન કરાવતી થઈ.

The universe not now this senseless whirl
Borne round inert on an immense machine;
It cast away the grandiose lifeless front,
A mechanism no more or work of chance,
But a living movement of the body of God.

આને કારણે જગત એ અનંત શક્તિઓએ જડ પદાર્થની આજુબાજુ નિર્માણ કરેલ એક નિરર્થક વમળ સ્વરૂપનું રહ્યું નહિ. તે કોઈ ભવ્ય યાંત્રિક - વસ્તુની પેદાશ હવે લાગતી નહોતી. ભૌતિક-જીવનના અતિરેકી ગૌરવ-ગાથાઓ ઓસરવા લાગી. ભૌતિક-જીવનનું એકાંગી મહત્ત્વ ઘટીને અન્ય વસ્તુઓનું મહત્ત્વ વધ્યું. જીવન એ જડ વસ્તુઓની યાંત્રિક કરામત છે એવું હવે લાગતું નહોતું. પણ આ ભૌતિક જગત પ્રભુનું જીવંત શરીર છે અને જગતમાં ચાલતી ઘટનાઓ એ પ્રભુની શારીરિક હાલચાલ સ્વરૂપ છે એવું દિવ્ય-દર્શન અશ્વપતિ સામે ખડું થવા લાગ્યું.

અશ્વપતિની દૃષ્ટિમાં જ ક્રાંતિકારક ફેરફારો થવા લાગ્યાં હતાં. તેને અવનવા સત્યોની ઝાંખી થવા લાગી હતી.

# વેદનું રહસ્ય

- શ્રી અરવિન્દ

## સમસ્યા અને તેનો ઉકેલ

(વેદનું રહસ્ય ભા. ૧ પૃ.૩૮-૪૪)

પ્રકરણ -૩

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ પ્રાચીન માન્યતા એવી છે કે પ્રાચીન રહસ્યનું હાર્દ (વેદોમાં) પ્રગટ કરીને સર્વની સમક્ષ મૂકવામાં આવ્યું છે. પૃ.૩૮

૨ વેદની ઋચામાં પ્રાથમિક અવસ્થાની - જંગલી જાતિની યજ્ઞપરાયણ રચનાઓ છે. પૃ.૩૮

૩ કેટલાક એમ માને છે કે તે (નૈતિક અને માનસશાસ્ત્રીય કલ્પનાઓ) વિરોધી દ્રવિડો, દસ્યુઓ..... પાસેથી ઉછીની લીધેલી છે. પૃ.૩૮

૪ (કેટલાકને મતે) પાછળની વિચારણાનું બીજ આપણને જોવા મળે છે. પૃ.૩૮

૫ (બીજી અને ત્રીજી માન્યતાને) તુલનાત્મક શબ્દ - વ્યુત્પત્તિશાસ્ત્ર, તુલનાત્મક પુરાણ વિદ્યાશાસ્ત્ર, તુલનાત્મક ધર્મશાસ્ત્ર જેવા તાજેતરમાં જન્મેલા.... અપક્વ દશાનાં અને મોટાભાગે અનુમાનો ઉપર ઊભી થએલી પદ્ધતિઓને અપનાવતાં શાસ્ત્રોની માન્યતાનો ટેકો છે. પૃ.૩૮

૬ (પ્રથમ અને બીજી માન્યતાઓ) ભારતીયોની રહી છે.

૭ રચનાત્મક રીતે હું એક વધારે વિશાળ અને પરિપૂરક માન્યતા, ઉકેલની રીતે રજૂ કરવા માંગું છું. પૃ.૩૯

૮ યુરોપીય વિદ્વાનોના મતે ઋગ્વેદ જ એકમાત્ર સાચો વેદ છે. પૃ.૩૯

૯ આ પ્રાચીન સૂક્તોનો અર્થ-નિર્ણય કરવા માટે ઓછામાં ઓછા ત્રણ મહાન પ્રયાસો થયાં છે, તેમાંના બે પ્રયત્ન પ્રાગૈતિહાસિક છે. તેનાં અંશો આપણને (અનુક્રમે) બ્રાહ્મણોમાં અને ઉપનિષદોમાં જોવા મળે છે. (અર્થાત્ કર્મકાંડાત્મક અને આધ્યાત્મિક અર્થ) પૃ.૩૯

૧૦ (ત્રીજો પ્રયત્ન યુરોપીય વિદ્વાનોનો છે, જેમણે તત્કાલીન સમાજરચના, ધર્મ-રૂઢિઓ, રીતરિવાજો, આર્થિક-જીવન, સામાજિક-જીવન, સંસ્થાઓ, રાજ્ય-વ્યવસ્થા વગેરે બાબતનું સંશોધન કરેલ છે.)

૧૧ (વેદો) સમૃદ્ધ અને ગહન ધર્મનું જ માત્ર ઉદ્‌ગમસ્થાન.... નથી પણ ..... સૂક્ષ્મ તત્ત્વચિંતન (વેદાંત)નું પણ ઉદ્‌ગમસ્થાન બન્યું છે. (આનું સ્પષ્ટીકરણ શું ?) પૃ.૪૦

૧૨ વેદ એટલે જ્ઞાન. માનવમનનું મહત્તમ આધ્યાત્મિક સત્ય. પૃ.૪૦

૧૩ ઉપનિષદોના સારભાગમાં મળી આવે છે તેની ગહન..... સૂક્ષ્મ અને વિગતપૂર્ણ માનસશાસ્ત્રની પદ્ધતિઓ કાંઈ તેમની પહેલાનાં શૂન્યમાંથી એકદમ પ્રગટી શકે નહિ. પૃ.૪૦

૧૪ પ્રાચીન યુરોપમાં..... મર્મીઓના તથા રહસ્યવાદીઓના ગૂઢ સિદ્ધાંતો હતા. દા.ત. ઑફિક અને ઍલ્યુસિનિયસ રહસ્યોએ..... ભૂમિકા તૈયાર કરી. જેમાંથી પાઈથેગોરાસ અને પ્લેટો પ્રગટ થયાં. પૃ.૪૧

૧૫ પૃથ્વી પરનો માનવ બહારથી શરૂઆત કરી અંદર વિકાસ સાધે છે, પરિણામે માનવધર્મનું પ્રથમ દશાનું..... સ્વરૂપ બાહ્ય પ્રકૃતિની શક્તિઓની પૂજારૂપ જ હોવાનું. પૃ.૪૧

૧૬ (પછી) દેવોના ભૌતિક ગુણધર્મો કાં તો ભૂંસાઈ જાય છે અથવા તો માનસશાસ્ત્રીય ખ્યાલો આગળ તે ગૌણ બની જાય છે. પૃ.૪૧

૧૭ ઋગ્વેદ માનવ-વિચારણાના પ્રારંભિક સમયની એક મહાન રચના, દસ્તાવેજ છે..... એલ્યુસિનિયસ અને ઑફિક રહસ્યો તેના પડી ભાંગતા અવશેષો હતા. પૃ.૪૩

૧૮ આત્મજ્ઞાન અને દેવોનું સાચું જ્ઞાન પવિત્ર અને ગુહ્ય છે. એવો ગૂઢવાદીઓનો એક પરમ સિદ્ધાંત હતો.... પરિણામે તે એવા શબ્દો તથા પ્રતીકોમાં..... આચ્છાદિત કરતા કે દીક્ષિત લોકોને જ આધ્યાત્મિક અર્થ આપી શકે. પૃ.૪૩

૧૯ વેદમાં જ નિન્યાણિ વચાંસિ - ગૂઢમંત્રોનો ઉલ્લેખ છે. પૃ.૪૩

૨૦ વૈદિક પ્રતીકોના તથા દેવોના માનસશાસ્ત્રીય ગુણધર્મોના ભાવાર્થને પ્રગટ કરવો..... બહુ જરૂરી કાર્ય બની જાય છે. પૃ.૪૩

૨૧ જો આ માન્યતા સાચી હોય તો ત્રણ લાભ થશે : (૧) ઉપનિષદોના કેટલાક ભાગો સરળતાથી અને અસરકારક રીતે સમજાશે. (૨) ભારતની સમગ્ર પ્રાચીન, પરંપરાને તે સત્ય ઠેરવશે. (૩) ભારતીયક્ષેત્રમાં તુલનાત્મક ધર્મના વધારે પ્રમાણભૂત અભ્યાસ માટે આપણને સ્વાભાવિક પ્રારંભ-બિંદુ પ્રાપ્ત થશે. પૃ.૪૪

ભારતીય માન્યતા એવી છે કે વેદોમાં પ્રાચીન જ્ઞાન ભંડારેલું છે, પણ તે ગૂઢ શબ્દો અને પ્રતીકો દ્વારા. પ્રકૃતિની પ્રચંડ શક્તિઓ પ્રત્યે તેમાં અહોભાવ છે, પુરાતન કથાઓ છે, ખગોલની આકાશીય ઘટનાનાં રૂપકો છે અને પાછળનાં વેદાંતનાં વિચાર - બીજો પણ છે.

યુરોપીય વિદ્વાનોએ વેદોને ખૂબ જ પ્રાથમિક, અપ્રગત ધાર્મિક ખ્યાલો અને તેના અસંબદ્ધ અભિવ્યક્તિઓનો સંગ્રહ સ્વરૂપ માનેલ છે, જેમાં કોઈ સુસંગતતા જ જડતી નથી.

આ પ્રકારે બે તદ્દન વિરોધી વિચારો વચ્ચે એક ખાઈ નિર્માણ થઈ ગઈ છે. શ્રી અરવિન્દ જણાવે છે કે તેમની ભૂમિકા રચનાત્મક, વ્યાપક અને સન્વયાત્મક છે.

યુરોપીય વિદ્વાનો ફક્ત ઋગ્વેદને જ સાચો વેદ માને છે. તેમાંના શબ્દોના વિવિધ અર્થો નીકળે છે. તેમાં બે પ્રાચીન અર્થઘટન કરવાની પદ્ધતિ છે, જેમને કર્મકાંડાત્મક અને આધ્યાત્મિક એમ કહેવામાં આવે છે. વેદોનો બ્રાહ્મણોનો ભાગ અને સાયણાચાર્યનું ભાષ્ય કર્મકાંડાત્મક અર્થ લે છે, જ્યારે ઉપનિષદો આધ્યાત્મિક અર્થ લે છે. ત્રીજી પદ્ધતિ આધુનિક યુરોપીય વિદ્વાનોની છે. તેઓ વેદોમાંના ઉલ્લેખો અને સંદર્ભોનો અભ્યાસ કરીને વેદકાલીન સમાજરચના, કુટુંબ-વ્યવસ્થા, ધાર્મિક-કલ્પના, રાજકીય-સંસ્થાઓ, રૂઢિ-પરંપરાઓ, આર્થિક-જીવન વગેરેનું સંશોધન કરે છે. તેમના મતે વેદોમાં કોઈ ગહન ચિંતન નથી. પ્રાથમિક માનવજાતિનાં જ વિચારો જોવા મળે છે.

પણ આ વસ્તુ માન્ય કરીએ તો એક વિરોધાભાસ રચાય છે. શું અર્થશૂન્ય, અંધશ્રદ્ધાળુ વૈદિક વિચારો ગહનતમ ધર્મનું ઉદ્ભવ-સ્થાન બની શકે ? વેદો ઉપર આધારિત સૂક્ષ્મ ચિંતનાત્મક તત્ત્વજ્ઞાનનો પાયો બની શકે ?

આનો અર્થ એ કે વેદોની પ્રાચીન પ્રતીકાત્મક ભાષા આપણે સમજી શકતા નથી. ક્યાંક ભૂલ થાય છે. કોઈક તર્કસંગત સુસંગતિ જડવી જ જોઈએ.

યુરોપીય વિદ્વાનો તો એવું માનતા કે આર્ય તો જંગલી હુમલાખોર જાતિ હતી, જ્યારે દ્રવિડો, દસ્યુઓ સુસંસ્કૃત અને સ્થિર સમાજ હતો. તેમની પાસેથી જ આર્યોએ નીતિ અને ધર્મની કલ્પનાઓ ઉછીની લીધેલી છે. આર્યોએ પંજાબ મારફત આ લોકો ઉપર હુમલા કર્યા હતા. આ બધી તેમની કપોલ-કલ્પિત કલ્પનાઓ શબ્દોની વ્યુત્પત્તિ શાસ્ત્રના આધારે જ કરેલી છે. તેના કોઈ અન્ય પુરાવા નથી. હવે વિદ્વાનોએ આ સિદ્ધાંતને શંકાની નજરે જોવાની શરૂઆત કરી છે જ. છતાં તેમની ગૂઢ પ્રતીકાત્મક ભાષા આપણને સમજવામાં અવરોધરૂપ બની ગઈ છે, એટલું જ નહિ ગ્રીકના ઑફિક

અને એલ્યુસિનિયસનાં રહસ્યો એ ખરેખર વેદકાલીન જ્ઞાનના બચેલાં અવશેષો માત્ર છે, જેના આધારે પાયથાગોરસ અને પ્લેટોએ તત્ત્વચિંતન કર્યું.

આવી આધ્યાત્મિક વિકાસની યાત્રા બહારથી શરૂ કરી અંદર વિકાસ સાધે છે, તેથી માનવ માટે ધર્મની પ્રાથમિક અવસ્થા પ્રકૃતિની પ્રચંડ શક્તિઓની પૂજા રૂપ હોય તે તર્કસંગત જ છે. પણ તે વખતના દેવોનાં ભૌતિક ગુણધર્મો ધીમે ધીમે માનસશાસ્ત્રીય અને નૈતિક અર્થો ધારણ કરે છે અને ભૌતિક સ્વરૂપ પાર્શ્વભૂમિમાં જાય છે અથવા ઘણી વખત સ્વરૂપ તે જ રહે છે પણ તે પ્રતીકમાત્ર બની રહે છે. દા.ત. ગ્રીક પુરાણોમાંનો બળતો અગ્નિ પરિશ્રમ કરતાં દેવ બની જાય છે. પ્રકાશ આપતો ઍપોલો (સૂર્યદેવ) ભાવિ-કથન અને આંતરપ્રેરણાનો દેવ બની જાય છે. ઉષાદેવી ઍથિને પ્રગટ થતા જ્ઞાનનાં દેવ બની જાય છે.

વેદમાં પણ તેવી જ રીતે પોષણ આપતી સરસ્વતી નદી જ્ઞાન અને કલાની દેવી બની જાય છે. ઈશોપનિષદમાં પ્રકાશ અને પોષણ આપનાર પૂષન્ (સૂર્ય) આંતરદર્શનના દેવ બની ગયા છે. ઋગ્વેદના ઋષિ વિશ્વામિત્રના ગાયત્રી મંત્રના દેવ સૂર્ય તેવા જ દર્શાવેલા છે. હૂંફાળો અગ્નિ નૈતિક ગુણોનો પાલનહાર બની જાય છે, પાલન કરનાર બની જાય છે. ઉપનિષદકાળમાં દેવો ઈન્દ્રિયોના અધિષ્ઠાતા બની ગયા છે.

એકંદરે ઋગ્વેદની શરૂઆત પ્રકૃતિની શક્તિ-સ્વરૂપના દેવોથી થઈ હોવા છતાં તેમાં ઊંડાણ ભરેલા અર્થ નથી એમ કહેવું અયોગ્ય અને અસત્ય જ છે.

દેવો વિષેનું જ્ઞાન ગુપ્ત રાખવાની પદ્ધતિ એ વખતે હતી, કારણ તે જ્ઞાનના મદદથી વિકૃત સાધક ભસ્માસુર થવો શક્ય છે, સમાજને ઘાતક પુરવાર થવો શક્ય છે. તેથી ફક્ત દીક્ષિતોને જ પ્રતીકોનો ગૂઢ અર્થ સમાજવવામાં આવતો હતો. સામાન્ય માનવો માટેનો જાહેર - ધર્મ તો કદાચ પ્રકૃતિની શક્તિપૂજા સ્વરૂપે જ રહેતો.

વેદોની ભાષા ગૂઢ છે એવું પોતે વેદ જ જણાવે છે. (નિન્યાણિ વચાંસિ) તેથી વૈદિક દેવોનો સાચો ભાવાર્થ સાચા અર્થમાં સમજવો એ કાર્ય મુશ્કેલ જરૂર છે. પણ યોગ્ય માર્ગે સાધના કરતા સાધકને આંતરિક અનુભૂતિઓથી પોતાની મેળે ખીલતી સમજણ દ્વારા તેને તે વસ્તુ ખૂબ જ સહજ બની જાય છે. કહેવાતું કે વેદ સાચા યોગી સામે સ્વયં પોતાનો અર્થ પ્રગટ કરતાં.

આ સ્પષ્ટીકરણને જો વેદોનાં સૂક્તોમાં બહોળો આધાર મળે તો ભારતની સમગ્ર પ્રાચીન પરંપરા કોઈ અંધવિશ્વાસ નથી પણ સમજણપૂર્વકની સત્ય-નિષ્ઠા છે એ

પોતાની મેળે પુરવાર થશે. એને વેદાંત, પુરાણ, તંત્ર, દર્શનો અને ભારતીય ધર્મ બધાનો આધાર વેદો છે એ એક વાસ્તવિકતા પુરવાર થશે.

આવા અભ્યાસથી ત્રણ ફાયદા થશે : (૧) ભારતીય પરંપરા સત્ય છે તે પુરવાર થશે. (૨) ભારતીય યોગ, દર્શનો, ધર્મનો આધાર વેદો જ છે તે અન્ય પાસેથી ઉછીના લીધેલા નથી એ પણ પુરવાર થશે (૩) ધર્મનો તુલનાત્મક અભ્યાસ પદ્ધતિને વધારે આધારભૂત રીતે કાર્ય કરવાનું ક્ષેત્ર મળશે.

આ સિવાય તર્કબુદ્ધિને સંતોષ, ધર્મની ઉત્ક્રાંતિના સિદ્ધાંતને આધાર, અન્ય ધર્મોના વિકાસ પદ્ધતિ ઉપર નવો પ્રકાશ, વેદમંત્રોની સુસંગતિ અને સ્પષ્ટ અર્થ અને આધ્યાત્મિક સાહિત્યની ભાષા ઉકેલ માટે સાચો અર્થ - તંતુ આપણને પ્રાપ્ત થશે. આ વધારાના ફાયદા છે.

સારાંશ, વેદ પ્રાચીન જમાનાનો માનવના પ્રાથમિક વિકાસના અવશેષરૂપ ગ્રંથ નથી પણ પ્રાચીન ધર્મ-ગ્રંથોના શિરોમણીરૂપ ઉચ્ચતમ અધ્યાત્મશાસ્ત્ર છે, એવું માનવું પડશે.

---

(પૃ.૯ ઉપરથી)

## માતૃવાણી

મહત્તા સ્થાપતો નથી. તે પ્રભુના સંકલ્પાનુસાર કાર્ય કરે છે. પોતાને પ્રભુના કાર્યનું આવિર્ભાવ કેન્દ્ર માને છે, તેથી તેઓ ચમત્કાર કરવામાં માનતા નથી.

માતાજી જણાવે છે કે તેઓ શ્રી અરવિન્દ સાથે કોઈ વાત કરતા ત્યારે શ્રી અરવિન્દ કોઈ બાહ્ય ભૌતિક ઘટના બનશે એમ જ્યારે જણાવતા ત્યારે માતાજી તે માટે સૂક્ષ્મ જગતમાં થતાં કાર્યોને અને તેમને આધાર આપતા પ્રભુના સંકલ્પને તરત જાણી લેતાં. શ્રી અરવિન્દ બધાં જ જગતોનું એકબીજા ઉપરનું કાર્ય સ્પષ્ટ રીતે જોઈને સમજી શકતા. તેઓમાં સમગ્રતાની દૃષ્ટિ હતી.

દરેક યોગીમાં અને અધ્યાત્મ ક્ષેત્રે સાધના કરતા સાધકમાં આવી સમગ્રતાની દૃષ્ટિ વિકસવી જરૂરી છે, તેથી યોગી પ્રભુનો સંકલ્પ અને તેની કાર્ય-પદ્ધતિ બાબત સંપૂર્ણ જ્ઞાન ધરાવતો થાય છે. તેને જ 'વિજ્ઞાન' કહે છે.

સાચી આધ્યાત્મિક વ્યક્તિ જાણે છે કે તેને જે ચમત્કાર લાગે છે તે, તેની અજ્ઞાનની જ નિશાની છે. દરેક વસ્તુ, ઘટના અને અવસ્થા પ્રભુના સંકલ્પમાંથી જ થાય છે. તે સંકલ્પ અને તેથી નિર્માણ થએલી ભૌતિક ઘટના વચ્ચેની સમગ્ર કાર્યકારણ - પરંપરા જાણવી એ જ વિજ્ઞાન છે.

# ઉત્ક્રાંતિનો હેતુ

-શ્રી અરવિન્દ અને શ્રી માતાજી

(પુસ્તિકા)

અવતરણો - પ્રકરણ - ૨ (ક્રમશઃ)

(ઉત્ક્રાંતિ - પૃ.૮-૧૩)

## વિસંવાદિતાનો સામનો અટળ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**ઉત્ક્રાંતિમાં બદલાતું દર્શન :**

આને કારણે એક ઘટના થતી જોવા મળે છે. ઉત્ક્રાંતિમાં ઉત્ક્રાંત થતી ચેતનાનું દર્શન સદા બદલાતું હોય છે. જેમ પર્વતની તળેટીએ ઊભો રહેનારને શિખરે પહોંચ્યા પછી તે જ શિખરો નીચે દેખાય છે તેમ ઉત્ક્રાંતિના નીચલાં તબક્કાએ હોઈએ ત્યારે ઊર્ધ્વમાંના તબક્કાની ક્ષમતાઓ ઉચ્ચ કક્ષાની લાગે છે, પણ તે તબક્કો વટાવ્યા બાદ તે જ ક્ષમતાઓ નીચલી કક્ષાની લાગે છે. સારાંશ, જેમ જેમ ચેતનાનો વિકાસ થતો જાય છે તેમ તેમ તેની દૃષ્ટિ વધારે ઊર્ધ્વમાંનું ક્ષેત્ર આવરી લે છે અને તે નીચલા ક્ષેત્રોને પણ જોઈ શકે છે. આમ, તેના દૃષ્ટિનું ક્ષેત્ર વિશાલ બનતું જાય છે.

આ ઘટનાનું કારણ એ છે કે, ઉત્ક્રાંતિના ઉચ્ચ તબક્કાઓમાં આપણી ક્ષમતાઓ વધારે વિકસતી જાય છે અને ક્ષમતાઓના પ્રમાણમાં દૃષ્ટિક્ષેત્ર પણ વિશાલ થતું જાય છે. આ ક્ષમતાઓ જ્ઞાનના ક્ષેત્રમાં, કર્મના ક્ષેત્રમાં કે કોઈ અન્ય ક્ષેત્રમાંની પણ હોઈ શકે છે. તે વધારે ને વધારે સૂક્ષ્મ અને સંકુલ થતી જણાય છે.

જેમ જેમ ઉત્ક્રાંતિ ઊર્ધ્વગતિ પ્રાપ્ત કરે છે તેમ તેમ તેના પરિણામો પણ વિશાલ ક્ષેત્ર આવરી લે છે અને તેમાં શ્રેષ્ઠ ગુણાત્મક તફાવત પણ જણાય છે, તેથી જ કદાચ ઉત્ક્રાંતિની ગતિ ઊર્ધ્વગતિ છે એવો આભાસ થાય છે. કારણ ઊર્ધ્વગતિ જ વિશાલ દૃષ્ટિ - ક્ષેત્ર આપે છે.

**ઉત્ક્રાંતિની અવિરત ગતિ :**

(પૃ.૬ ઉપર)

# સુંદર કથાઓ

- માતાજી

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## દિવ્યયોદ્ધા બનો

(પેજ - ૧૨૧-૧૨૨)

તિરુવલ્લુવરની એક બહેન, નામે 'આવે'. તે જ્ઞાની હતી. એક વખત તે ઊરાઈસુર ગામની શેરીમાં બન્ને પગ ફેલાવીને બેઠી હતી, ત્યારે ત્યાંથી ત્રણ જણા નીકળ્યા - એક રાજા અને બે કવિ.

રાજા પસાર થયો ત્યારે આવેએ પોતાનો એક પગ વાળીને માન આપ્યું. બીજો કવિ પસાર થયો ત્યારે તેણે બીજો પગ વાળી માન આપ્યું. ત્રીજો કવિ પસાર થયો ત્યારે તેણે બન્ને પગ ફેલાવી રસ્તો રોક્યો.

તે કવિને તે અપમાન લાગ્યું. તે સાચો કવિ નહોતો પણ પોતાને કવિ કહેવરાવતો.

આવે બોલી, ''હે ભાઈ, જો તું કવિ હોય તો કાવ્યની એક જ પંકિતમાં 'મન' શબ્દને ત્રણ વખત ગોઠવી દે.'' તેનું આવાહન સાંભળી લોકો પણ ભેગા થઈ ગયાં.

પેલા કવિએ ખૂબ પ્રયત્ન કર્યો પણ ફક્ત બે જ શબ્દો ગોઠવી શક્યો. તે શરમાઈને ભાગી ગયો.

આવે જ્ઞાની હતી. સમાજનાં દૂષણો સામે તે લડી જાણતી.

સમાજનાં દૂષણો છે : માનવના જીવનને હાનિ પહોંચાડતી વસ્તુઓ, માનવના વિકાસને અવરોધતી વસ્તુઓ. આ વસ્તુઓનો વિરોધ કરો.

વિનાશક પૂરને બાંધ બાંધી નિયંત્રિત કરો. જમીનને નુકસાન કરતાં ક્ષારો સામે લડી લો. રોગનું નિર્મૂલન કરો. ગરીબાઈનું નામોનિશાન મટાડી દો. જગતમાંનાં અન્યાય, અસત્ય સામે ઝઝૂમો. લોકોની ધાર્મિક, આધ્યાત્મિક ગેરસમજો દૂર કરો.

બીજી બાજુ જગતમાંની સારી વસ્તુઓને ટકાવી રાખો. સત્ય, ન્યાય, આનંદ, આરોગ્ય, સૌંદર્ય, સારા સંસ્કારો, જંગલો - વૃક્ષો, સુંદર મંદિરો, કલાકૃતિઓની સાચવણી કરો અને સહુથી મહત્ત્વનું પ્રભુ ઉપર પ્રેમ કરો.

# યોગ પર દીપ્તિઓ
-શ્રી અરવિન્દ

## લક્ષ્ય

અવતરણો
(ભાગ-૧, પ્રકરણ ૧ પર આધારિત)
પ્રકરણ - ૪

## પ્રભુનો પગરવ - દૈવી સંપત્તિ

**સમજૂતી – કમલેશ માંડવિયા**

**૧ સર્વ પ્રકારનાં બંધનોથી અને સઘળી મર્યાદાઓથી મુક્ત એવા આપણા ‘અહં’નો નહિ પરંતુ પ્રભુનો આવિર્ભાવ કરવો એ આપણો ઉદ્દેશ છે. પૃ.૫**

**૨ તેના પરિણામરૂપે અને તેના એક અંગ તરીકે આપણી પોતાની મુક્તિ, પૂર્ણતા અને આધ્યાત્મિક સંપત્તિની વિપુલતા આપણને મળશે..... એ દૈવી સંપત્તિ પણ આપણે પોતાના માટે નહિ પરંતુ પ્રભુને ખાતર પ્રાપ્ત કરવાની છે..પૃ.૫**

સાધકમાં દિવ્યાનંદ પ્રગટ થતાં જ તે પ્રેમનું ઝરણું બનીને વહેવા પ્રયત્ન કરવા માંડે છે. પોતાના નિજાનંદને બીજાઓ તરફ ચૈત્યપુરુષ મારફત વહેતાં જ તે આનંદ દિવ્ય પ્રેમનું સ્વરૂપ ધારણ કરે છે. આ દિવ્યાનંદ જાણે કે પ્રેમનું ઝરણું બનીને સાધકમાં દોડવા માંડે છે અને જ્યાં પણ જગ્યા મળે, પ્રભુનો આદેશ મળે તે મુજબ વહેવા લાગે છે અને પરમપ્રભુ પોતાને જ જાણે કે પોતાના જ દ્વારા ગુપ્તરીતે પ્રગટ કરતા હોય છે. સભાન સાધક આ વાત બરાબર જાણે છે, પિછાણે છે. અરે, તે જીવે પણ તે જ રીતે છે.

આ સમગ્ર પ્રક્રિયામાં સાધકમાંની મર્યાદાઓ, સીમિત ખ્યાલો, આવેગો, અહંકાર-પ્રધાન કામવાસનાને સંપૂર્ણપણે તિલાંજલિ આપવામાં આવે છે. સહજ સાધનાના પરિપાકરૂપે આ દોષોનો નાશ થાય છે અને તેની જગ્યા સ્વાભાવિક રીતે જ ‘‘શ્રી’’ લેવા માંડે છે. સાધક વાસ્તવમાં ‘‘શ્રીમાન’’ બની જાય છે. ‘‘શ્રી’’-સ્વરૂપ પરમ-પ્રભુની દિવ્યસંપત્તિઓ ધારણ કરતો બની જાય છે. મુક્તિ, પૂર્ણતા અને આધ્યાત્મિક સંપત્તિ તેના સ્વરૂપમાં સ્થાયીરૂપે બિરાજે છે. સાધક આ ‘‘શ્રી’’ના અંતર્ગત સ્વરૂપને સારી રીતે પિછાણે છે અને એક પ્રકાશમય સભાનતામાં જોવે છે કે આ તો મારા પ્રભુએ મને આપેલો પ્રસાદ છે. આમાંનું મારું પોતાનું કહી શકાય તેવું

(પૃ.૩૬ ઉપર)

# વેદવિજ્ઞાન

- માનસિંહ ચાવડા

## આખ્યાન રહસ્ય
## શ્રદ્ધાહીન સાધનાની ગતિ

પ્રકરણ - ૭

સિંધુનરેશ પ્લાયોગ, ધર્મિષ્ઠ, પ્રજાદક્ષ, લોકપ્રિય રાજા, પચાસની ઉંમરે પહોંચતા તેમણે વાનપ્રસ્થી જીવન આશ્રમમાં જઈ ગાળવાનો વિચાર કર્યો. તૈમને એકનો એક પુત્ર નામે આસંગ. સંગ સોબતથી બગડેલો વિલાસી, વ્યસની અને વ્યભિચારી પણ. તેની પત્ની શશ્વતી, ધાર્મિક, પતિવ્રતા, પતિ-પારાયણ સ્ત્રી, પણ તેના મહેલમાં તે ભાગ્યે જ આવે.

પિતાના આદેશથી આસંગ પ્લાયોગ સામે હાજર થયો. પિતાએ તેને સન્માર્ગે જીવવાનું કહ્યું, જે તેને ગમ્યું નહિ. રાજાએ વિચાર કર્યો. રાજકારભારનો બોજો મૂકતા કદાચ સુધરી જશે, તેથી પોતે વાનપ્રસ્થી થવાનો નિર્ણય જણાવ્યો.

આસંગે ખોટો વિવેક દર્શાવ્યો, પણ મનમાં તો રાજીનો રેડ થઈ ગયો. ચાલો કોઈ ટોકશે તો નહિ.

પ્લાયોગ આશ્રમમાં જઈ રહ્યાં.

જતાં પહેલાં આસંગનો રાજ્યાભિષેક કરાવ્યો.

પિતાનું છત્ર હઠી જતાં જ આસંગ બેકાબૂ બની ગયો. અતિવિલાસથી તેને ક્ષયરોગ લાગુ પડ્યો. રાણી શશ્વતીની ચિંતામાં વધારો થયો.

રાજવૈદ્ય નિષ્ફળ જવા લાગ્યા. છેવટે રાણી પતિને સમજાવી-પટાવી બે ખ્યાતનામ વૈદ્યો પાસે લઈ ગઈ. નામે મેધાતિથિ અને મેધ્યાતિથિ. બન્ને ઈન્દ્રનાં ખાસ ભક્ત. રાણીએ વિનંતી કરી. ઈન્દ્રની કૃપાથી આસંગનો ક્ષયરોગ નષ્ટ થયો. કડવા અનુભવે તેને સુધાર્યો. તે પિતાના પગલે ચાલવા લાગ્યો. શશ્વતીને આનંદના દિવસો પાછા આવ્યા.

આ કથાનકનું સાધનાકીય રહસ્ય નીચે મુજબનું છે :

પ્રભુની સર્વજ્ઞ જ્ઞાનશક્તિને પ્રજ્ઞા કહે છે. તે જ્યારે માનવનું અજ્ઞાન નષ્ટ કરવા પ્રવૃત્ત થાય છે ત્યારે તેને 'મેધા' કહે છે. 'મેધ'નો અર્થ છે નાશ કરવો. બુદ્ધિમાં અવતરે છે ત્યારે તેને પ્રતિભા કહેવાય છે. ભા એટલે પ્રકાશ. તે જીવનને સાચી દિશા આપે છે.

બે ઋષિનાં નામ છે મેધાતિથિ અને મેધ્યાતિથિ. નામ સરખા જ લાગતા હોવા છતાં બન્નેનો અર્થ ભિન્ન છે.

મેધાતિથિ એટલે એવી વ્યક્તિ જેમાં મેધાશક્તિ અતિથિ, મહેમાન તરીકે પધારી છે પણ તે કાયમી સ્વરૂપે રહેતી નથી. આવી વ્યક્તિને કોઈક વખત આંતર-પ્રેરણાનાં ઝબકાર થાય છે. તેના ઉપર તેનું પોતાનું કોઈ નિયંત્રણ હોતું નથી.

મેધ્યાતિથિનો અર્થ છે એવી વ્યક્તિ જે મેધાના પ્રદેશમાં પોતે જ સ્વેચ્છાએ જાય છે અને ધારેલા કાર્યને આંતર-પ્રેરણાથી પૂરું કરે છે. આ વ્યક્તિનો મેધાશક્તિ ઉપર જાણે નિયંત્રણ હોય છે.

મેધાતિથિની અવસ્થા પ્રાથમિક સ્વરૂપની હોય છે, જ્યારે મેધ્યાતિથિની અવસ્થા પ્રગત.

પ્લાયોગનો અર્થ છે વારંવાર યોગપદ્ધતિ બદલનાર વ્યક્તિ. પ્લવંગનો અર્થ છે વાંદરો. વાંદરાની જેમ એક ગુરુથી બીજા ગુરુ, એક યોગથી બીજા યોગ અને એક દીક્ષાથી બીજી દીક્ષા તરફ કૂદાકૂદ કરતો સાધના બાબત શંકાશીલ વ્યક્તિ.

આવી વ્યક્તિએ વિવિધ સાધનાઓ કર્યાં છતાં તેની નિષ્ઠા સ્થિર હોતી નથી, તેથી તેને સંગદોષ થયા જ કરે છે. ખોટા સંગતે ચડી જાય છે. આ છે પ્લાયોગનો પુત્ર આસંગ. આસંગનો અર્થ છે ખરાબ સોબત. સંગનો, સોબતનો તરત પરિણામ થઈજાય તે આસંગ (આ+સંગ)

સાધકની સ્થિતિ આવી હોવા છતાં તેને વિકસાવવા પ્રયત્ન કરતું સનાતન તત્ત્વ હોય જ છે. આ છે આસંગની રાણી શશ્વતી. શશ્વતી એટલે સનાતનતા.

સારાંશ, નિષ્ઠા વગરનો અને વારંવાર સાધના પદ્ધતિ બદલતો સાધક શંકાકુશંકાઓથી ઘેરાઈને તેને અવસાદનો ક્ષય લાગુ પડે છે. યોગ કરી શકતો નથી. પણ તેમનું સનાતન આત્મતત્ત્વ (શાશ્વતી) આંતરપ્રેરણા આપે તો તે ફરી યોગમાં અગ્રેસર થઈ શકે છે.

# વિદ્યાર્થીઓને માર્ગદર્શન

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

## એકાગ્રતાનું મહત્ત્વ

પ્રકરણ - ૮

(Light for students - P. 64-68)

૧ જીવનમાં કાંઈ પણ કરવું હોય તો એકાગ્રતા જરૂરી જ છે. તેની પાછળ દૃઢ સંકલ્પ હોય તો કોઈ વસ્તુ અશક્ય નથી - જો સતત અને કોઈ દ્વિધા વગર કરવામાં આવે તો. પૃ.૬૪

૨ અભ્યાસ, રમતગમત, શારીરિક અને માનસિક વિકાસ માટે એકાગ્રતા નિતાંત જરૂરી છે. વ્યક્તિનું મૂલ્ય તેની એકાગ્રતા શક્તિના પ્રમાણમાં જ ગણાય છે. પૃ.૬૪

૩ આધ્યાત્મિક રીતે, ચૈત્યપુરુષની શોધ, તેની સાથેની એકરૂપતા, ઊર્ધ્વ - ચેતનાની કક્ષાએ ઉદ્‌ઘાટન બધું જ એકાગ્રતા માંગી લે છે. પૃ.૬૪

૪ એકાગ્રતા એટલે ચેતનાનાં વેરવિખેર તંતુઓને એક જ કેન્દ્ર ઉપર સ્થિર કરવાં. આવી એકાગ્રતા જેમ કસરતથી સ્નાયુઓ વિકસાવી શકાય છે, તેમ અભ્યાસથી વિકસાવી શકાય છે તેવી અદમ્ય ઇચ્છા અને આવી એકાગ્રતાનો શું ઉપયોગ ? એવી શંકાકુશંકાથી રહિત પૂર્ણ શ્રદ્ધા મદદરૂપ થાય છે. પૃ.૬૫

૫ ઉતાવળ હોય, સમય ટૂંકો હોય ત્યારે ઘાંઘા ન થતા, પૂર્ણ એકાગ્રતાથી અને સ્વસ્થતાથી તે કાર્ય કરશો તો તે ઓછા સમયમાં સારું થશે. પૃ.૬૬

૬ એકાગ્રતા પ્રાપ્ત કરવા માટે તે કેવી રીતે પ્રાપ્ત કરવી તેની પદ્ધતિ જાણી લેવી જરૂરી છે. ઉપરાંત તેનો સતત અભ્યાસ પણ તેટલો જ જરૂરી છે. પૃ.૬૬

૭ ઘણી વસ્તુ આપણને શીખવેલી હોતી નથી, પણ કરીએ છીએ અને તે પણ ભૂલભરેલી રીતે. દા.ત. ઊંઘવું, ખાવું, પીવું વગેરે. પૃ.૬૭

૮ કોઈપણ વસ્તુ ખરાબ રીતે કરશો તો ઘણી હાનિકારક અને તેથી દુઃખદાયક વસ્તુઓ બને છે. પૃ.૬૭

૯ આપણે ભૂલો તો કરીએ છીએ પણ કોઈ તે ભૂલ છે એમ જણાવતું નથી, કારણ તેને જ પોતાની ભૂલની ખબર હોતી નથી. પૃ.૬૭

૧૦ માતાપિતા આવી બાબતમાં શીખવતાં નથી, કારણ તેઓ પોતે જ તે વિષે જાણતા હોતા નથી. પૃ.૬૮

૧૧ સાચી પદ્ધતિથી જીવવું એ અઘરી કલા છે.

# સાંજના વાર્તાલાપો

- શ્રી અંબુભાઈ પુરાણી

## ગુરુને સમર્પિત થવું

પ્રકરણ - ૯

(ખંડ-૨, પૃ.૫૪-૫૫) (તા.૧૬-૧૦-૨૫)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**શ્રી અરવિન્દ :** ભારતમાં ચમત્કાર દ્વારા યોગ જીવનમાં આમૂલાગ્ર પરિવર્તન લાવે છે, એવો ખ્યાલ શા માટે નિર્માણ થયો એ સમજાતું નથી. સાધના એટલે તલવારના ધારે ચાલવા જેવું છે એવું શાસ્ત્રે સ્પષ્ટ જણાવેલ છે. લેભાગુ યોગીઓએ અંધશ્રદ્ધાળુઓ માટે તે માન્યતા નિર્માણ કરી છે એવું લાગે છે.

ગુરુ શિષ્ય માટે બધું જ કરે છે એ પણ એવી જ માન્યતા છે.

કેટલાક લોકોના મતે વૈશ્ણવ ધર્મમાંથી આવી માન્યતાઓ આવી છે. રામાનુજાચાર્યે પોતે સાધના કરી લીધી છે, તેથી તેમના અનુયાયીઓને કરવાની જરૂર નથી એવી કેટલાકની માન્યતા છે. ગુરુએ જમીન ઉપર પગ મજબૂત રોપીને જ સાધના કરવાની હોય છે. શિષ્યે પણ તેમ જ કરવાનું હોય છે.

**શિષ્ય :** લોકો ચેલાઓના આવા વિશ્વાસને જ સમર્પણ ગણે છે.

**શ્રી અરવિન્દ :** ગીતાના 'સર્વભાવેન' આ સર્વાંગી સમર્પણનો તે વિકૃત અર્થ છે. પરમ-ચેતનાના વાહક આપણા સ્વરૂપનાં સર્વે તત્ત્વોને બનાવવાં એ જ 'સર્વભાવેન' સમર્પણ છે. માનવગુરુને સમર્પણનો તમે શું અર્થ લો છો ? તે ખરેખર શેને સમર્પણ છે ? અને તે શેને માટે તમને પૂરતું લાગે છે ?

**શિષ્ય :** ગુરુની સેવા - ચાકરી એ માનવગુરુને સમર્પણ છે અને તે ભગવાનને મેળવવા માટે હોય છે.

**શ્રી અરવિન્દ :** બહારથી દેખાતું માનવગુરુને સમર્પણ તે ખરેખર તેમાં રહેલ દિવ્યતાને હોય છે. તેની દ્વારા પ્રગટ થતા ભગવાન માટે હોય છે. તેમ હશે તો અર્થાત્ તે સાચા દિલનો હશે તો, ગુરુએ પ્રાપ્ત કરેલું તે પોતે પ્રાપ્ત કરી શકશે. વધારે સચ્ચાઈ હશે તો તેથી પણ આગળ નીકળી જાય.

પછી રૂક્ષ્મણીનું સમર્પણ અને રાધાના સમર્પણ વિષે વાત ચાલી. રૂક્ષ્મણીનું સમર્પણ શરતી હતું. રાધાનું બિનશરતી. રાધા જેવું સમર્પણ યોગમાં જરૂરી. અનેક ગુરુઓ હોવા બાબત વાત ચાલી. શિષ્યના ચેતનાના તબક્કાનુસાર ગુરુ બદલવાની

શક્યતા છે. ચેતનાના વિવિધ પાસાંઓના વિકાસમાં વિવિધ ગુરુઓ સહાયરૂપ થાય છે, એમ દતાત્રયના પ્રસંગમાં જણાવેલ છે. છતાં અંતિમ યોગની કક્ષામાં એક જ સદ્‌ગુરુ રહી જાય છે. પૂર્વાયુષ્યનાં બધાં છૂટી જાય છે વગેરે વાતો થઈ.

**શિષ્ય :** પરિપૂર્ણ સમર્પણ બહુ અઘરું છે.

**બીજો શિષ્ય :** ગિરીશચંદ્ર ઘોષને સમગ્ર સમર્પણ કરવાની સૂચના ઠાકુરે આપેલી. પણ તેઓ ન કરી શક્યા.

એક વ્યક્તિ આવેલી. તેણે કોઈ ગુરુ પાસેથી દીક્ષા લીધેલી પણ તે ગુરુ તેને ગમતા નહોતા. કારણ, તે વૈષ્ણવ હતા, તે ખુલાસો નહોતા કરતા, તેમનો દેખાવ સારો નહોતો અને તે ભણેલા ગણેલા પણ નહોતા. પણ તેમની હાજરીમાં શાંતિ મળતી હતી એટલું જ.

**શ્રી અરવિન્દ :** આ અંતિમ વસ્તુ સાચી હોય તો તે ગુરુ ભલામણ કરવા યોગ્ય છે. તેની હાજરીમાં શાંતિનો અનુભવ એ મહાન સાધકની નિશાની છે. તે બહુ બોલતા નથી. તે તેમની આંતરમુખ પ્રકૃતિ દર્શાવે છે. વૈષ્ણવ હોવું એ ધાર્મિક બાબત છે. તેમ જ ભણેલો હોવો એ અધ્યાત્મમાં બહુ મહત્ત્વની બાબત નથી. સારી છાપ તો પ્રાણમય જગતનો પરિણામ પણ હોઈ શકે છે, તેથી તેનું આધ્યાત્મિક મૂલ્ય ઓછું છે. અષ્ટ્રાવક્રની વાત આ જ સૂચવે છે.

---

(પૃ.૩૧ ઉપરથી)

## યોગ પર દીપ્તિઓ

કંઈ જ નથી. પ્રભુ કૃપાથી આ ''શ્રી'' મળી આવેલ છે. આ દિવ્ય-ભાવના સાધકમાંના અહંમ્-પ્રધાન ઉપયોગને નષ્ટ કરે છે. સર્વે શક્તિઓ જાણે કે એક નીકમાંથી પસાર થઈને પ્રભુના સંકલ્પાનુસાર પ્રવાસ કરે છે અને પ્રભુનું કાર્ય ક્રમાનુસાર નિર્વિઘ્ને પાર પાડે છે ! આ કાર્યમાં સમયને સ્થાન નથી. સમય તો જાણે શ્રીમાનાં ચરણોમાં સમર્પિતભાવે આ વૈશ્વિક અને દિવ્ય આયોજન જોતો હોય છે. સમય થંભીને જાણે મહાકાળ બની જાય છે. ત્રિકાળ બની જાય છે. સમયના કકડા-ટુકડા પણ નષ્ટ કરવામાં આવે છે. દરેક પળને જાણે eternity - સનાતનતા બક્ષવામાં આવે છે. ''સાવિત્રી'' મહાકાવ્યમાં શ્રી અરવિન્દ જણાવે છે કે :

"Time lies below thy feet
And the whole world seems only a part of thee."
(Savitri. Pg. 718)

સમય જગન્માતાના ચરણોમાં બિરાજે છે અને સમગ્ર જગત જાણે શ્રીમાના આવિર્ભાવ રૂપ બની રહે છે.

# શ્રી અરવિન્દ : પોતા વિષે

- શ્રી અરવિન્દ

પ્રકરણ - ૧

## સાક્ષાત્કારનો અર્થ

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1 I was not doing yoga and knew nothing about it in.....1892-93. P.75

2 ..... before beginning their Sadhana, a clear knowledge of their spiritual possibility through a definite glimpse received by the Divine Grace are able to stick to their path till the end. P.75

3 ..... nobody can have a sucessessful meditation or realise anything till he is pure and perfect.

4 In a more deep and spiritual sense a concrete realisation is that which makes the thing realised more real, dynamic, intimately present to the consciousness than any physicaal thing can be. P.76

કોઈ 'ક્ષ' વ્યક્તિએ વિધાન કરેલું કે શ્રી અરવિન્દને ૧૮૯૦માં જ સાક્ષાત્કાર થએલો, તે વિષે શ્રી અરવિન્દ જણાવી રહ્યાં હતાં. તેમણે જણાવ્યું કે તે વાત શક્ય નથી, કારણ તેઓ યોગ શું છે અને તે કેમ કરાય તે બાબત ઈંગ્લેંડથી પાછા ફર્યા ત્યાં સુધી જાણતા નહોતા. તેમને નોંધી શકાય તેવો આધ્યાત્મિક સાક્ષાત્કાર તો ૧૯૯૨-૯૩માં આવ્યો. જ્યારે તેમણે ઈંગ્લેંડથી પાછા ફરતાં સ્ટીમરમાંથી ઉતરી ભારતભૂમિ ઉપર પ્રથમ પગલું મૂક્યું ત્યારે તેમના સમગ્ર સ્વરૂપ ઉપર એક વિશાળ શાંતિનું અવતરણ થયાનું તેમણે અનુભવ્યું હતું.

કોઈકે વિધાન કરેલું કે જેઓએ યોગને અંતિમ કક્ષા સુધી અનુસર્યો છે તેમને

પ્રભુની કૃપાથી સાધનાની શરૂઆતથી જ સ્પષ્ટ જ્ઞાન અને તેમના જીવનમાંના સાક્ષાત્કારની શક્યતા જણાઈ હતી. શ્રી અરવિન્દ તે વિષે બોલી રહ્યાં હતા. તેમણે જણાવેલું કે તેમને પોતાને તો તેવો કોઈ અનુભવ થયો નથી. અન્યોની બાબતમાં કાંઈ કહેવાય નહીં. પણ મને લાગે છે કે તેવી ઝાંખી થવાથી વ્યક્તિને યોગમાં શ્રદ્ધા બેસી શકે છે પણ યોગ કરવાનું જ્ઞાન તેને મળવું  શક્ય જ નથી. યોગમાં તો જેમ જેમ યોગ કરો, તેમ તેમ વધારે ને વધારે યોગ વિષેનું જ્ઞાન આપવામાં આવે છે. જેમ આગિયાને પોતાના પ્રકાશના ઝબકારાથી થોડોક માર્ગ દેખાય છે અને તે પસાર કર્યા પછી બીજા ઝબકારાએ આગળનો માર્ગ દર્શાવવામાં આવે છે, બસ તેવી જ સ્થિતિ આ યોગમાં પણ હોય એવું લાગે છે ! મૂળ તો પોતાનો આત્મા યોગ ઝંખે છે કે નહીં, એ જ શરૂઆતમાં જાણવાની જરૂર છે.

આ જ વિષયમાં ફરી પ્રસંગ નિર્માણ થતાં તેમણે જણાવેલું કે જ્યાં સુધી વ્યક્તિ સામાન્ય ચેતનામાં જ રહે છે ત્યાં સુધી તે સામાન્ય જ જીવન જીવે છે. જ્યારે જાગૃતિ અને નવી ચેતના રચાય છે ત્યારે જ તે યોગ તરફ વળે છે.

તમને શું એવું લાગે છે કે બુદ્ધ, કન્ફ્યુશિયસ અથવા હું પોતે ખાસ ક્ષમતાઓ સાથે જન્મેલાં કે જેથી અમે આધ્યાત્મિક જીવન તરફ વળશું એ નક્કી જ હતું ?

કોઈકે વિધાન કરેલું કે જ્યાં સુધી તે પોતે શુદ્ધતા અને પૂર્ણતા પ્રાપ્ત ન કરે ત્યાં સુધી તે યશસ્વી રીતે ધ્યાન કરી જ શકતો નથી.

તે વિષે બોલતાં તેમણે જણાવેલું કે તેમનો પોતાનો અનુભવ તે બાબત તદ્દન વિરોધી છે. તેમને ધ્યાન દ્વારા સાક્ષાત્કાર પહેલા થતો અને તેને માટે જરૂરી શુદ્ધતા પાછળથી પરિણામ સ્વરૂપે અભ્યાસ કરવાથી આવતી.

આધ્યાત્મિક - ચેતનાનો વિકાસ એ એક ખૂબ જ વિશાળ અને સંકુલ પ્રક્રિયા છે. તેમાં ઘણું બધું થઈ શકે છે. દરેકની પ્રકૃતિ અનુસાર આ પ્રક્રિયા જુદી જુદી હોઈ શકે છે. મૂળ તો તમને અંદરથી યોગ માટે પુકાર હોવો જરૂરી છે. સાથે સાથે તે મુજબની અભીપ્સા અને તે માર્ગે આગળ વધવાની ધગશ અને ઉત્સાહ હોવો જોઈએ.

૮-૩-૩૫

પૂર્ણ સમર્પણ પણ પહેલાથી જ યોગમાં હોવાની શક્યતા નથી. જો તેવી શરત હોત તો યોગ તરફ ભાગ્યે જ કોઈ વળે. તેઓ પોતે પણ વળ્યા ન હોત.

# ભાવિ સમાજ

- શ્રી અરવિન્દ અને શ્રી માતાજી

(પુસ્તિકા - ભાવિસમાજ પૃ.૧-૧૦)

## ભાવિ-સમાજનું ધ્યેય

### અવતરણો

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ માનવો કે જે પોતે જ અપૂર્ણ છે તેમના વડે પૂર્ણમાનવ જગતનું સર્જન થઈ શકે તેમ નથી. પૃ.૧

૨ માનવજાતિ હંમેશા સરકારી અને સામાજિક તંત્ર વડે પોતાનું વાતાવરણ પૂર્ણ કરવાનું સ્વપ્ન સેવવાની ભૂલ કરે છે, પરંતુ ભીતરમાં રહેલા આત્માની પૂર્ણતા સિદ્ધ કરવાથી જ બાહ્ય વાતાવરણને પૂર્ણ કરી શકાય. પૃ.૧

૩ રાજ્યતંત્રો, સમાજો, રાજાઓ, પોલીસ, ન્યાયાધિશો, સંસ્થાઓ, ધર્મ-સંસ્થાઓ, કાયદાઓ, રીતરિવાજો, લશ્કરો; આ સર્વ કામચલાઉ જરૂરિયાતો તરીકે..... આપણા ઉપર લાદવામાં આવેલા છે. પૃ.૧

૪ જ્યાં સુધી વ્યક્તિ જેને પોતાની જાત કહે છે તેને પ્રભુને સમર્પણ ન કરી દે ત્યાં સુધી પૂર્ણ થઈ શકે તેમ નથી. પૃ.૨

૫ માનવે તેના કેવળ પાશવ અને આર્થિક - જીવનમાંથી અને કેવળ બુદ્ધિવાદી કલારસિક જીવનમાંથી બહાર... આવીને આધ્યાત્મિક અસ્તિત્વની પ્રભામાં જીવનને ધારણ કરવું જોઈએ. પૃ.૨

૬ જીવન સમસ્તમાં વિકાસ માટેનાં આવશ્યક એવાં બે તત્ત્વો વિવિધતા અને એકતા તે સ્વતંત્રતા અને સંવાદિતાના રૂપે પ્રગટ થાય છે.

૭ (તેમાં) આત્માને પોતાના શુદ્ધ પ્રદેશમાં ઊડી જવા આ પાર્થિવ સભ્યોને (મન, પ્રાણ, શરીર) ત્યજવા લાયક લેખતું નથી. પરંતુ એ આત્માનાં સૌ પ્રથમ સાધનો છે. (એમ ગણે છે) પૃ.૫

૮ તેની ઉત્ક્રાંતિના શારીરિક, પ્રાણમય, બૌદ્ધિક, નૈતિક, સૌંદર્યાત્મક, ચૈતસિક

**પાસાંઓને દિવ્ય-જીવનની વૃદ્ધિનાં સાધનો તરીકે (તે) જોશે. પૃ.૫**

**૯ મનુષ્યના અંતરતત્ત્વનાં પ્રત્યેક અંશને તેનો પોતાનો 'ધર્મ' હોય છે, જેને તેણે અનુસરવો જોઈએ અને અંત સુધી તે અનુસરશે. પૃ.૭**

**૧૦ આખરે વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન સત્યની સાથે શુભ, સૌંદર્ય અને ઈશ્વરની એકતા શોધશે. પૃ.૭**

**૧૧ (તે) ઈશ્વરનું સામ્રાજ્ય જે સૌ પ્રથમ આપણી અંદર શોધાયું છે તેની બાહ્ય જીવનમાં રચના કરશે. પૃ.૧૦**

માનવજાતિએ સમાજ - રચનાના અવનવા પ્રયોગો કરેલ છે. દરેક પ્રયોગમાં સમાજ રચવામાં તેણે રાજસત્તા અને સમાજસત્તાનો ઉપયોગ કરી સમાજને સુધારવાનો, ઘાટ આપવાનો પ્રયત્ન કર્યો છે. પણ આ પદ્ધતિ અપનાવવામાં મૂળભૂત ભૂલ થાય છે. વ્યક્તિ ભીતરમાં જેવી હશે તેવું જ તેનું વર્તન સ્વાભાવિક રીતે થાય છે, તેથી આંતર - સ્વરૂપને બાહ્યતંત્ર વડે શાસિત કરી ઘડવાનો પ્રયત્ન એ અવળેમાર્ગે કામ કરવાની રીત ગણાય છે. કેળવણી દ્વારા આંતરસ્વરૂપને ઘડો અને તે આંતરસ્વરૂપ વર્તનને ઘાટ આપશે, આ જ સાચો માર્ગ છે. કેળવણીમાં આંતરસ્વરૂપની ગ્રહણશીલતાનો ઉપયોગ કરીને આ કાર્ય પાર પાડવામાં આવે છે.

આંતરસ્વરૂપ આપણી પ્રકૃતિ ઉપર હજી પૂર્ણ શાસન કરી શકતું નથી. માટે રાજ્યતંત્ર, પોલીસ, ન્યાયાલયો, સંસ્થાઓ, ધર્મ, લશ્કરો અને રૂઢિઓનો ઉપયોગ કરવો પડે છે. એક વખત આંતરસ્વરૂપ સક્રિય બની બાહ્ય પ્રકૃતિને પોતાના શાસન નીચે લઈ આવે પછી આ બાહ્ય સાધનો નકામા ઠરે છે.

અપૂર્ણમાનવ પૂર્ણસમાજની રચના કરી શકતો જ નથી. અને જ્યાં સુધી વ્યક્તિ પોતાની જાતને સમર્પિત કરીને તેના પ્રભાવ નીચે જીવવાની ક્ષમતા નથી કેળવી શકતી, ત્યાં સુધી તે પોતે પૂર્ણ બની શકતી નથી અને તેથી પૂર્ણ સમાજની રચના પણ કરી શકતી નથી.

તેથી પરસ્પર સ્વાર્થને સાધવા કરેલી અન્યોન્ય ગોઠવણથી રચાનાર સમાજ એ સાચી એકતા નિર્માણ કરી જ શકતો નથી. અંતરમાં અનુભવાતી એકતાના પાયા ઉપર જ સમાજ રચાવો જોઈએ.

આ એકતા આધ્યાત્મિક પ્રભાવમાં જીવાતા જીવન સ્વરૂપે પ્રકટ થાય છે. બુદ્ધિવાદી સમાન સ્વાર્થ, સમાન કલા-રસિકતા, સમાન આર્થિક-હિત કે સમાન

(પૃ.૧૨ ઉપર)

# શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો

- શ્રી માતાજી

**Aphorisms**

(માતૃવાણી ભા-૧૦, પૃ.૨૧-૨૫) પ્રકરણ-૭

## સત્યદર્શનની પદ્ધતિ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**તમારી જે માન્યતાઓ છે તે જ માત્ર જ્ઞાન છે અને બીજાઓની માન્યતાઓ તે ભૂલ છે, અજ્ઞાન છે અથવા તો મિથ્યાવાદ છે; એમ ન કહેશો અથવા આમ કરવું હોય તો પછી જગતમાં વિધવિધ સંપ્રદાયોના જે જડ સિદ્ધાંતો છે તેમ જ તેમની જે અસહિષ્ણુતા છે તેના ઉપર તૂટી ન પડશો (૮)**

સંપ્રદાયોના સિદ્ધાંતો તેના મૂળ-સંસ્થાપકની અનુભૂતિઓ ઉપરથી તારવેલા હોય છે. તે સંસ્થાપકની અનુભૂતિ પણ તેની પ્રકૃતિ વિશેષતાથી અને માન્યતાથી ઘેરાયેલી હોવાથી તે સંપૂર્ણ સત્ય તો હોતું જ નથી. મૂળ સંસ્થાપક જેવી પ્રકૃતિ ધરાવતા લોકો માટે તે સંપ્રદાયના સિદ્ધાંતો શરૂઆતમાં ઉપયોગી પણ હોય જ છે. પણ તે જ્યારે પોતાના સંપ્રદાયોની માન્યતાને જ અંતિમ સત્ય માની લઈ અન્યના સિદ્ધાંતોને ખોટા, મિથ્યા, ભૂલભરેલા ગણાવે છે; ત્યાં તેઓ ભૂલ કરે છે. બીજાનાં સિદ્ધાંતો તેમના સંસ્થાપકની અનુભૂતિઓ ઉપર આધારિત હોય છે. તે સંસ્થાપકની પ્રકૃતિ વિશેષતાના કારણે તે આપણા પોતાના સંપ્રદાયોના સિદ્ધાંતથી જુદા લાગતા હોય છે પણ તેમાં સત્યાંશ છે જ.

પ્રકૃતિ વિશેષતા સિવાય આવા સંસ્થાપકોમાં બીજો પણ ભેદ હોય છે. ચેતનાનાં અસંખ્ય સ્તરો છે. તે સંસ્થાપકની ચેતના તેના સર્વોચ્ચ સ્થિતિમાં કઈ કક્ષાએ ઉદ્ઘાટિત થઈને અનુભૂતિ લેતી હશે, તેમાં પણ દરેક જણનો કક્ષાભેદ હોય જ છે. દરેક કક્ષાના પોતાના નિયમો અને સત્યોએ પોતાનો જુદી જુદી રીતે આવિર્ભાવ કરેલો હોય છે. આ આવિર્ભાવોના સ્વરૂપમાં ભેદ હોવા છતાં તે એક જ મૂળ સત્યના આવિર્ભાવો હોય છે એ વાસ્તવિકતા છે. દરેક આવિર્ભાવની પૂર્ણતાની કક્ષા અલગ-અલગ હોય છે, તેથી તેની ઉપર ઘડેલા સિદ્ધાંતોમાં તફાવત પડવો શક્ય નહિ પણ વાસ્તવિક ઘટના છે.

દરેકે વિચારવું જોઈએ કે તેના દસ વર્ષ પહેલાના વિચારો અને આજના વિચારો તમારા પોતાના જ હોવા છતાં શું તેમાં તફાવત નથી ? છે જ. તો પછી શું તે પહેલાના વિચારો વિકાસ માટે જરૂરી નહોતા ? ના. કારણ તે વખતે તે વિકાસ માટે જરૂરી હતા. આજે તે વિકાસ થવાથી બિનજરૂરી લાગે છે. આ જ વાસ્તવિકતા છે.

માતાજી જણાવે છે તેથી બીજાની શ્રદ્ધાની ટીકા કરી, ભૂલભરેલી દર્શાવી, તેની સમતુલાને ભાંગી નાખવી ન જોઈએ. તે તેની પ્રગતિમાં ઘણાં વિઘ્નો નિર્માણ કરે છે. તેને બદલે કહો : ''હા, તે સત્ય છે પણ તેથી પણ મહાન સત્ય આગળ છે જ.''

વાર્તામાં કઠિયારાને પિત્તળની, તાંબાની, ચાંદીની કુહાડી જંગલમાં જેમ જેમ અંદર જાય તેમ મળતી ગઈ. તેના ગુરુ કહેતા હજી આગળ જા તને વધારે કિંમતી કુહાડી મળશે.

સત્યનાં સ્તરોને સમજશું તો હાથીનાં દર્શન બાબતનાં રાજકુમારની વાતમાંના વિવાદને સાચા અર્થમાં સમજી શકશું.

બીજાની ઊણપોને નૈસર્ગિક સમજી સહન કરતા શીખીએ, સમતાનો ગુણ વિકસાવીએ, બધાને ઈન્દ્રની જેમ કહો ''ચરૈવેતિ' - ભાઈ, આગળ ચાલ, આથી પણ મહાન સત્ય આપણી વાટ જોઈ રહ્યું છે.

બીજાની ટીકા કરતાં પહેલાં પોતાને તેની સ્થાને મૂકો અથવા પોતાની ભૂતકાળની મૂર્ખતાઓ યાદ કરો તો તમને સાચી સમજણ મળશે. ઘણી વખત આપણી ઊણપો આપણને જણાતી નથી, પણ અન્ય અનુભવે છે એ એક કટુ વાસ્તવિકતા છે. બીજાને પૂર્ણ કરવાનું કહેવા કરતાં પોતે પૂર્ણતાનો દાખલો બની રહેવું હિતાવહ છે.

સંસારમાં વિસંવાદ છે. તે હજી પૂર્ણ વિકસિત નથી જ, તેથી આવા મતભેદો વચ્ચે જ રહેવાનું છે તે વાસ્તવિકતા છે. તેનો એક જ ઉપાય છે - સ્મિત સાથે દરેક વસ્તુને માણતા શીખો. પોતાની અંદર પ્રશ્ન પૂછો, શું મારે કાંઈ શીખવા જેવું છે ? જો સન્નિષ્ઠ હશો તો કાંઈક પ્રગતિનો માર્ગ ચિંધાશે.

આપણી આસપાસની પરિસ્થિતિ, માણસો, ઘટનાઓ બધું જ પ્રભુએ ગોઠવેલું છે અને તે સહેતુક છે. તેમાં પણ પ્રસન્નતાથી સમતાથી જીવવું જોઈએ એવી પ્રભુને તેના બાળક પાસેથી અપેક્ષા છે.

આ જ સાચી પૂર્ણતાની સાધનાનો માર્ગ છે, પ્રભુ પૂર્ણ છે તે કોઈથી ઉદ્‌વેગ પામતો નથી. મારે પ્રભુરૂપ જ થવું છે, તેથી મારે પણ તદ્દન ઉદ્‌વેગ વગરના થઈ જવું જ જોઈએ. બધું સહન કરતા શીખવું જરૂરી છે અને સહનશીલતા ફક્ત વિશાળ ચેતનામાં જ છે. ત્યાં જ સંવાદિતાનું સુખ છે. ભૂમા એવ સુખમ્.

# સર્વાંગી - આરોગ્ય

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

(Integral Healing પૃ.૧૦૯-૧૧૨)

અવતરણો પ્રકરણ - ૧૬

## ચેતનાના દિશાબદલ દ્વારા રોગ નિવારણ

1 Through a very assiduous labour one succeeds in overcoming a weakness. One believes this is a definitive victory.... but after sometime, one realises that nothing is completely done. P.109

2 The entire consciousness must be changed, a reversal of consciousness must be achieved. P.109

3 The whole consciousness is spread out-wards..... the shocks life gives precisely with the intention of slightly reversing this movement of exteriorisation of the consciousness..... something in their being has been reversed..... has been turned..... completely inwards and also upwards. P.110

4 The standpoint in life, has suddenly changed. P.110

5 What better use could one make of an illness than to take opportunity to go deep within oneself. P.110

6 Not only does the capacity of our total consciousness far exceed that of our organ, the senses, the nerves, the brain but..... our organs etc. are not entirely indispensable instruments. P.110

7 The human range which no more exhaust all the possible ranges of consciousness than human sight exhausts..... so there are ranges of consciousness above and below the human range..... they seem to it unconscious..... supramental or .... submental ranges. P/111

8 It all depends upon where the consciousness places itself and concentrates itself. If in the mind, it is identified with the mind (If) puts its stress outside, it is said to live in the external being..... If it assends out of the body to the planes where self is naturally conscious of its wideness and freedom it knows as the self and not the mind, life or body. P.111

9 The falsity of the consciousness naturally has material conscequeness..... and that is what illness is. P.111

10 When you are open and in contact with the Divine, the vibration gives you strength, energy..... it fills you with great joy.... and all of this in the cells of the body. P.111

11 Without anything changing, the same thing the same vibration coming from the same source turns into a pain uneasiness, uncertainty, Instability, decrepitude. P.112

12 All is in the Divine and all is Divine..... Only it must be understood that way in that spirit, and with that consciousness..... so there is nothing of which it could be said that it is a misfortune There is nothing that can be called suffering. P.112

## **સમજૂતી** - માનસિંહ ચાવડા

આપણે આપણી નબળાઈ કે મર્યાદા, ઊણપો જીતવા ખૂબ જ પરિશ્રમ લઈએ છીએ, અને તે નબળાઈ જીતાઈ ગઈ છે એમ પણ લાગે છે પણ થોડા સમય પછી તે જુદા સ્વરૂપે કે તે જ સ્વરૂપે ફરી વધારે બળવાન થઈ સામે આવે છે. આપણું યશ અને સંતોષ ક્ષણજીવી બની જાય છે, આમ કેમ?

મૂળવાત છે કે સમગ્ર ચેતનામાં જ આમૂલાગ્ર ફેરફાર કરવાની જરૂરિયાત છે. હાલની ચેતનામાં કોઈ નવા બળ ઉમેરવાની જરૂર છે જે ચેતનાની કાર્યપદ્ધતિ જ સંપૂર્ણરીતે બદલી નાખે. આને જ ચેતનાનું 'આમૂલાગ્ર રૂપાંતર' કહે છે.

ચેતના એટલે આપણી મનોમય ચેતના જ નહિ. ચેતનાના ઘણાબધાં સ્તરો છે. તે પોતાનું વિશિષ્ટ સ્તર કે પ્રકાર રચે છે. તે મન સાથે એકરૂપ થાય તો મનોમય ચેતના બને છે. પ્રાણ સાથે એકરૂપ થાય તો પ્રાણમય ચેતના બને છે. શરીર સાથે એકરૂપ થાય તો પાર્થિવ-ચેતના, ભૌતિક-ચેતના બને છે. અંદર વળે તો આંતર-ચેતના બને છે. બહિર્મુખ થાય તો બાહ્ય કે બહિર્મુખ-ચેતના બને છે. ઊર્ધ્વ તરફ ગતિ કરે તો ઊર્ધ્વ-ચેતના બને છે. નિમ્ન ગતિ કરે તો નિમ્ન-ચેતના બને છે.

આપણી ચેતના લગભગ બહારની જગત તરફ એકાગ્ર હોય છે અને શરીર સાથે એકરૂપ હોય છે. આ તેની બાહ્ય ગતિને આંતર-ગતિમાં અને ઊર્ધ્વગતિમાં ફેરવવાની જરૂર છે. તેમ કરતાં નથી તેથી આપણને કાયમી યશ કે સંતોષ મળતો નથી.

જીવનમાં જે કટોકટીઓ સર્જાય છે, વિપત્તિઓ ઘેરાય છે, દુ:ખો આવે છે, યાતના ભોગવાય છે : તે આપણી ચેતનાને આંતરિક અથવા ઊર્ધ્વગતિ આપવા માટે જ. તે રીતે તેનો ઉપયોગ કરતાં જ બાહ્ય પરિસ્થિતિ થાળે પડવા માંડે છે. સારાંશ, આપણા જીવનનો દૃષ્ટિકોણ બદલવો જરૂરી છે. જેવો દૃષ્ટિકોણ એવી ચેતના રચાય છે. જેવી ચેતના એવું જગત અનુભવાય છે. તેથી કહે છે કે ''જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ''

ચેતનાની આ ભૂલનો ભૌતિક પરિણામ એટલે જ માંદગી. તેથી વિપત્તિ અને માંદગીને ચેતનાના ફેરફારમાં ઉપયોગ કરી લેવા જેવો તેનો ઉત્તમ ઉપયોગ નથી.

આપણી ચેતનાની સંપૂર્ણ ક્ષમતા આપણી ઈન્દ્રિયો, ચેતાયંત્ર કે મગજ પ્રગટ કરી શકતું નથી. કારણ તેનો સંપૂર્ણ વિકાસ હજી થએલ નથી. ચેતનાનો વિકાસ આ બધાંના વિકાસ ઉપર આધારિત નથી પણ આ બધાંનો વિકાસ ચેતનાના વિકાસ ઉપર આધારિત છે. ચેતના વિકસિત અર્થાત્ આંતરગતિ અથવા ઊર્ધ્વગતિ કરનારી હશે તો આ બધાં તેને અનુરૂપ પોતાનો વિકાસ કરવા જ માંડે છે.

ચેતના માટે મગજ, ચેતાતંત્ર કે ઈન્દ્રિયો જોઈએ જ એવું પણ નથી. તે તેમની વગર પણ પોતાની પૂર્ણતામાં રહી શકે છે.

માનવી-ચેતનામાં જ સમગ્ર ચેતનાનાં સ્તરો સમાઈ જતાં નથી. ચેતના તો બહુસ્તરીય છે અને માનવી - ચેતનાની ઊર્ધ્વમાં અતિમાનસ-ચેતના તરીકે અને નીચે અવ-માનસ ચેતના તરીકે રહેલી છે.

હાલમાં માનવી - શરીરના અધૂરા વિકાસને કારણે સમગ્ર ચેતના પ્રગટ થવી શક્ય નથી. પણ જેમ જેમ મન, પ્રાણ, શરીર વિકાસ પામશે તેમ તેમ ઊર્ધ્વમાંની ચેતનાનાં સ્તરો તે પ્રગટ કરવા સમર્થ થશે. આપણને આ ઘટના જીવનમાં નવી ચેતનાનો પ્રકાર ઉમેરવા જેવું લાગે છે. તે જ પ્રમાણે અવમાનસ ચેતના પણ આ શરીર સભાન બનીને પ્રગટ કરતું થશે.

ખરેખર તો ચેતના કઈ કક્ષાએ એકાગ્ર બનેલી છે તે અનુસાર જ જે તે સંબંધિત સ્તર પ્રગટ થતો હોય છે. જો તે શરીરમાંથી મુક્ત થઈને ઊર્ધ્વમાં એકાગ્ર થાય તો તે ઊર્ધ્વ-ચેતના તરીકે પ્રગટ થવા માંડે છે.

ચેતનાના આ સ્થિત્યંતરને કારણે તે જ વસ્તુ, તે જ તેમાંથી નીકળતાં આંદોલનો, તે જ ચેતનાની એક સ્થિતિમાં આનંદદાયક લાગે છે; બીજી ચેતનાની સ્થિતિમાં દુઃખદાયક. સુખ અને દુઃખનો અનુભવ જગતની વસ્તુ ઉપર આધારિત નથી, તે ચેતનાની સ્થિતિ ઉપર આધારિત છે.

ખરેખર તો બધું જ દિવ્ય-ચેતનામાં જ છે અને બધું દિવ્ય-ચેતના જ છે. આપણી ચેતનાની સ્થિતિ જ તેને જુદા જુદા રૂપે અનુભવે છે. ચેતનાને સાચી રીતે અનુભવવી એ જ સુખ છે. તેને ખોટી રીતે અનુભવવી એ જ દુઃખ છે.

તેથી આપણે જગત તરફ તે દિવ્ય-ચેતનાએ લીધેલાં આકારો માત્ર છે, એવા ભાવમય દૃષ્ટિકોણને વિકસાવવો જરૂરી છે. તે માટેનાં પ્રયત્ન અને અભ્યાસને જ સાધના, યોગ, તપ, અનુષ્ઠાન વગેરે કહે છે. આપણો રચાઈ ગએલો ખોટો દૃષ્ટિકોણ એ આપણા અજ્ઞાનને કારણે છે. તેથી આપણે જેવું જગત જોઈએ છીએ તે અજ્ઞાનની નીપજ છે. તે અજ્ઞાનનો નાશ કરી સાચો દૃષ્ટિકોણ વિકસાવવો એ જ જ્ઞાન છે.

સારાંશ, જગતમાં દુર્ભાગ્ય જેવું કાંઈ નથી, છે અજ્ઞાન અને અજ્ઞાનનાં નિવારણ માટે કરાતાં વિશ્વપ્રકૃતિનાં પ્રયત્નો અને તેને ખોટી રીતે સમજતા આપણે. સમજણ મેળવો અને દુર્ભાગ્ય ટાળો. રોગ-નિવારણનો પણ આ જ ઉપાય છે.

# પ્રેમ

- હર્ષદ ઠકરાર

## “ચેતના એક સ્થિતિ છે અને શક્તિ છે.
## પ્રેમ બળ છે અને કાર્ય છે.”

શ્રી માતાજી સમજાવે છે તે મુજબ સ્થિર થએલી ચેતનાને કાર્યન્વિત કરવાનું બળ પ્રેમ છે. ચેતના જે અચિત્‌માં રૂપાંતર પામી હતી તેને કાર્યન્વિત કરી ગતિ આપવાનું બળ પ્રેમ છે.

ચેતના જ્યારે અચિત્‌માં સ્થિર થઈ ગઈ હતી, ત્યારે ચેતનાને અચિત્‌માંથી ઉત્ક્રાંત કરવાનું કાર્ય પ્રેમે કર્યું છે. પ્રેમે જ આ સ્થૂલ જેવું જડ જગત હતું તેને ચેતનવંતુ કર્યું છે. એટલે કે પ્રેમે જડ જગતને જીવંત, ધબકતું કરી આપેલ છે. જડ જગત જીવંત થવાથી જગત ઉત્ક્રાંત થતું માનવ સુધી પહોંચ્યું છે.

ઉત્ક્રાંત થયેલ જગતમાં માનવ હજુ પૂર્ણસ્વરૂપે માનવ બન્યો નથી, કારણ કે માનવની અંદર હજુ પણ અચિત્‌ અસ્તિત્વ ધરાવે છે. અચિત્‌ના આ અસ્તિત્વને કારણે માનવ દૂરિત ઇચ્છાઓ, કલુષિત કામનાઓ અને વિપરીત વાસનામાંથી પ્રેરાઈને જીવન વ્યતીત કરે છે. સાચો પ્રેમ માનવના નિમ્ન ગુણ ઇચ્છા, કામના અને વાસનાને અભીપ્સામાં રૂપાંતરીત કરી આપે છે.

ઇચ્છા, કામના અને વાસનામાંથી મુક્ત થએલો અને અભીપ્સા દ્વારા જીવન વ્યતીત કરતો માનવ તેના મૂળ તત્ત્વ આત્મતત્ત્વને પામવા પ્રેરાય છે. માનવને આત્મતત્ત્વ પ્રાપ્ત કરવાની પ્રેરણા અભીપ્સાના પ્રત્યુત્તરરૂપે અવતરતી પ્રભુકૃપા દ્વારા પ્રાપ્ત થાય છે. આમ, પ્રેમ આત્મજ્ઞાન મેળવી આપે છે.

દિવ્યકૃપા દ્વારા માનવ દિવ્યમાનવમાં રૂપાંતર પામતો હોવાથી પોતાની અંદર દિવ્યકૃપાને સ્થાપવા સામર્થ્યવાન બને છે. દિવ્યકૃપાથી સ્થાયી સામર્થ્યવાન બનેલો દિવ્ય માનવ પોતાના નિર્ણયો સામાન્ય માનવની જેમ મન, બુદ્ધિ કે અહંકારથી લેતો નથી, પરંતુ પ્રભુકૃપામાંથી આંતરસ્ફુરણા મેળવીને લે છે. આથી માનવ દિવ્ય બનેલો હોય તેનું સંચાલન પ્રભુકૃપા જ કરતી હોય છે.

જે રીતે સૂર્યનાં કિરણમાં પ્રકાશ અને ઉષ્મા (ઊર્જા) હોય છે, તે રીતે પ્રેમમાં પણ પ્રભુનો પ્રકાશ અને પ્રભુની ઊર્જા સમાવિષ્ટ હોય છે. પ્રેમ જ માનવ અને પ્રાણી બન્નેને નિર્ભય કરી આપે છે.

પ્રેમ જગતની જીવંત શક્તિ હોવાથી માનવ હોય કે પ્રાણી, જ્યારે બાળક ઉપર સંકટ હોય છે ત્યારે બાળકને સંકટમાંથી ઉગારવા માટે પોતાનું સર્વસ્વ લૂંટાવી દેવા તત્પર બને છે. બાળકને સંકટમાંથી ઉગારવું એટલે માનવ અને પ્રાણીમાં રહેલા ભયનો નાશ, શંકાનો નાશ. ભય અને શંકાનો નાશ થવાથી જીવંત જગતમાં શ્રદ્ધાની સ્થાપના થાય છે.

પ્રેમ દ્વારા માનવમાં પિતૃત્વ અને માતૃત્વ જાગૃત થાય છે. આ પિતૃત્વ અને માતૃત્વ બાળકમાં ઉચ્ચ સંકારોનું સિંચન કરે છે. ઉચ્ચ સંસ્કારો બાળકના વિકાસમા અગત્યનો ફાળો આપે છે. માતા - પિતાના સંસ્કારો દ્વારા બાળકની અંદર પ્રભુકૃપામાં શ્રદ્ધાનો ગુણ વિકાસ પામે છે જે દ્વારા બાળક પણ પ્રભુકૃપા પ્રાપ્ત કરવાની અભીપ્સા સેવતો થાય છે.

શ્રી માતાજીએ સમજાવ્યું છે તે મુજબ પ્રેમ ક્યારેય પણ માગણી કરતો નથી. પરંતુ પ્રેમ માનવમાં સુષુપ્ત રહેલ સમર્પણભાવને જાગૃત કરી આપે છે. સમર્પિત થએલો માનવ પ્રભુની આજ્ઞાને સ્વીકારવા હર હંમેશ તત્પર હોય છે, એટલે સાચો પ્રેમ કોઈ પણ પ્રકારની શરતો લાદતો નથી.

પ્રેમ માનવમાં સમર્પણભાવ જાગૃત કરી આપતો હોવાથી માનવમાં રહેલા મદ, મત્સર, કામ, ક્રોધ, લોભ, મોહ  વગેરે અવગુણોથી મુક્ત થાય છે. આ અવગુણોથી મુક્ત થએલો માનવ અવગુણોની જગ્યાએ સદ્‌ગુણોની સ્થાપના કરી પવિત્ર બને છે.

પ્રેમની આ પવિત્રતા માનવ જીવનમાં પરસ્પર સંવાદિતા સ્થાપી આપે છે. માનવના જીવનમાં સ્થપાએલી સંવાદિતા પ્રભુનાં સૌંદર્ય, પ્રભુનાં ઐશ્વર્યરૂપે પ્રગટ થાય છે, જે દ્વારા માનવની અંદર પ્રસન્નતા સ્થાયી થાય છે. આ પ્રસન્નતા ધીરે ધીરે આનંદમાં રૂપાંતર પામે છે. આનંદ એ પ્રભુની ચિત્‌શક્તિની અભિવ્યક્તિરૂપ હોવાથી, આનંદ ક્યારેય પણ ઝાંખો પડતો નથી. આનંદ ઝાંખો પડતો ન હોવાથી માનવ ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં દુઃખ, નિરાશા, ચિંતા વગેરે નકારાત્મકતાથી

મુક્ત થઈ જીવન જીવે છે અને ફક્ત આનંદ આનંદ જ અનુભવે છે.

માનવ પ્રેમ દ્વારા પ્રાપ્ત થતી પ્રભુની કૃપાની પ્રેરણા દ્વારા જીવન જીવતો હોવાથી માનવનો આધાર પ્રભુ જ હોય છે. માનવ પ્રભુ આધારિત જીવન જીવતો હોવાથી માનવના સંપર્કમાં જે કાંઈ જડ, નિશ્ચેત કે ચેતનવંત આવે તે સર્વેમાં માનવ પ્રભુની હાજરી અનુભવે છે, જે માનવને શ્રી અરવિન્દની 'વાસુદેવ સર્વમિતિ'ની અનુભૂતિમાં પ્રવેશ કરાવી આપે છે.

માનવ પ્રભુની પ્રેરણા દ્વારા જીવન વ્યતીત કરતો હોવાથી માનવની અંદર રહેલા તમામ પ્રકારના માનવીય અવગુણો ખરી પડે છે. એટલે કે માનવ અપરાપ્રકૃતિનાં બંધનોમાંથી મુક્ત થઈ પરાપ્રકૃતિ દ્વારા જીવન વ્યતીત કરે છે. એટલે કે માનવની અપરાપ્રકૃતિનું પરાપ્રકૃતિમાં રૂપાંતર થાય છે.

માનવની અપરાપ્રકૃતિ પરાપ્રકૃતિમાં રૂપાંતરીત થવાથી માનવ પોતાની સંકુચિત ચેતનામાંથી મુક્ત થઈ વિશ્વચેતનામાં પ્રવેશ કરે છે. વિશ્વચેતનામાં માનવનું અસ્તિત્વ માનવ તરીકે રહેતું નથી પરંતુ વિશ્વચેતના તરીકે રહે છે, જે રીતે વર્ષાનું બિન્દુ સમુદ્રમાં પ્રવેશ કરી સમુદ્રમય બની જાય છે.

માનવ પોતાનું અસ્તિત્વ લય પમાડી વિશ્વ ચેતનારૂપ બનતો હોવાથી માનવના જીવનનો પાયો પ્રેમ જ હોય છે. પ્રેમ જ માનવજીવનનું સૌંદર્ય હોય છે. પ્રેમ જ માનવજીવનની પૂર્ણતા હોય છે. પ્રેમ જ માનવજીવનનો આનંદ હોય છે. પ્રેમ જ માનવને પ્રભુમય બનાવે છે, જે રીતે રાધા અને મીરાં કૃષ્ણમય બન્યાં હતાં. પ્રેમ જ સત્ય છે. જે સમજાવવા શ્રી માતાજી જણાવે છે, કે -

"There is thirst for Love which no human relation can quench. It is only the Divine's love that can satisfy that thirst."

- The Mother

''પ્રેમ માટેની તરસ હોય છે, જેને કોઈ માનવીસંબંધો તૃપ્ત કરી શકતા નથી. એ તરસને પ્રભુનો પ્રેમ જ સંતોષી શકે છે.

- શ્રી માતાજી

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ



# શ્રી અરવિંદ

## આવિર્ભાવની પૂર્વે

ભાવાનુવાદ

It was the hour before the Gods awake,
Across the path of divine Event.
The huge foreboding mind of Night alone,
In her unlit temple of eternity,
Lay stretched immobile upon silence.

દેવો આવિર્ભાવ પામ્યાં, છતાં નિષ્ક્રિય, નિશ્ચેષ્ટ,
જાણે ગાઢનિદ્રે સુતા, આવિર્ભાવ - કાર્ય સમેત.
તેથી ઉત્ક્રાંતિની ન શક્યતા, દિવ્ય-ઘટનાની ન કોઈ વાત,
અચિત્-મન કેવલ હતું, રોકી સુતું અઘાટ.
નિ:શબ્દ, અંધકારભર્યું સનાતનતાનું મંદીર,
મૌનની સીમા રચી, ફેલાયું અવિચળ સુદૂર.

Savitri B-1, C-1, P--1

# કાત્યાયની

'ક' પ્રથમ વ્યંજન ગણ્યું, તેમ બ્રહ્મ પ્રથમ એ સૂર,
તેથી તેને 'ક' ગણ્યું, એ વેદવાણી નિગૂઢ. ॥૧॥

'ક'થી ઓતપ્રોત જે, તે 'કાત્ય' સ્વરૂપ કહેવાય,
જો 'ક' બ્રહ્મરૂપ ગણ્યો તો 'કાત્ય' બ્રહ્મમય થાય. ॥૨॥

જગત બ્રહ્મરૂપ ભાસતું, સાધકને ઠેરેઠેર,
તેથી તે કાત્ય-દૃષ્ટિ ગણી, બ્રહ્મની અનંત લહેર. ॥૩॥

ચેતન-સાગરે ઉછળતાં, વિધવિધ લહેરો સ્વરૂપ,
જડ-ચેતન તેને ભાસતા, એ બ્રહ્માનુભવનું રૂપ. ॥૪॥

જે ચેતના આ અનુભવ રચે, તે કાત્યાયની કહેવાય,
બ્રહ્મભાવને પોષતી, બ્રહ્માનંદ છલકાય. ॥૫॥

---

(કાત્યાયનીના આ સ્વરૂપમાં તલવાર તીવ્ર વિવેકશક્તિ છે. કમળ વ્યક્તિ અને વિશ્વ બન્નેની વિકસતી ચેતના છે. બે હાથ અભય-મુદ્રામાં છે, તે વ્યક્તિગત અને વૈશ્વિક બન્ને સ્તરનાં ભયમાંથી મુક્તિની ખાતરી છે. સિંહ પ્રકૃતિ-જયનું પ્રતીક છે.)

---

સહજ-સત્સંગ

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૫

**લવાજમ : વાર્ષિક માતૃચરણે અર્પણ : રૂા. ૧૨૫.૦૦ વિદેશમાં ૮૦૦.૦૦**

Registered with the registrar of Newspaper for INDIA

No. 07598/22 A.K. 9-T.C. Regd. No. GRJ-303 Valid upto Dec.-2011

DATE OF POSTING : 1st OF EVERY MONTH **- RAJKOT - RMS**